Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય

પુસ્તક ૩૭ મું.
અંક ૧૧ મો

સંવત ૧૯૯૬
જ્યેષ્ઠ.



શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજ

પ્રકાશક :—

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય


| | | |
|---|---|---|
| ૧. એ માનવી ! આ જન્મનો, એ લ્હાવ તું લેતો જજે | ( રેવાશંકર વાલજી બધેકા) | ૨૯૧ |
| ૨. ભિન્નરુચિ જગતની ભિન્ન ભિન્ન પ્રિયતા | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૨૯૩ |
| ૩. શ્રી શ્રુતજ્ઞાન ... ... | ....( પં. શ્રી ધર્મવિજયજી મહારાજ ) | ૨૯૬ |
| ૪. બ્રહ્મચર્યનો પ્રતાપ ... ... .... ... | ... | ૩૦૦ |
| ૫. સિધ્ધસેન દિવાકર .... ... | ( ઉધ્ધૃત ) ... ... | ૩૦૧ |
| ૬. મોક્ષ પ્રાપ્તિ કેમ થાય ? ... ... ... ... | ... | ૩૦૬ |
| ૭. પ્રભુ મહાવીરે મોહમસ્ત જગતને ત્યાગ ધર્મ જ કેમ આપ્યો? | (મુનિશ્રી હંસસાગરજી મહારાજ) | ૩૦૭ |
| ૮. ગુરુસ્તુતિ ... ... ... | ...( શાન્તિલાલ બી. શાહ ) | ૩૧૧ |
| ૯. જીવનનું રહસ્ય ... ... ... | ( અનુ૦ અભ્યાસી B. A. ) | ૩૧૨ |
| ૧૦. ત્રિભંગી દર્શન ... ... ... | ( મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૩૧૫ |
| ૧૧. વર્તમાન સમાચાર ... ... ... ... ... | ... | ૩૧૭ |


---


**તાકીદે ખરીદો** **ઘણી જ થોડી નકલો સીલીકે છે.**

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર તરફથી પ્રકાશિત સંસ્કૃત–પ્રાકૃત પુસ્તકો તેમજ શ્રી આત્માનંદ શતાબ્દિ સીરીઝના સંસ્કૃત તેમજ પ્રાકૃત પુસ્તકોની ઘણી જ થોડી નકલો સીલીકે છે તો જલ્દી મંગાવી લેશે.

## નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહ:

નિરંતર પ્રાતઃકાળમાં સ્મરણીય, નિર્વિઘ્નપણું પ્રાપ્ત કરાવનાર, નિત્ય પાઠ કરવા લાયક નવ સ્મરણો સાથે બીજા પ્રાચીન ચમત્કારિક પૂર્વાચાર્યકૃત દશ સ્તોત્ર, તથા રત્નાકર પચ્ચીશી, અને એ યંત્રો વિગેરેનો સંગ્રહ આ ગ્રંથમાં આપેલ છે ઊંચા કાગળો, જૈની સુંદર અક્ષરોથી નિર્ણયસાગર પ્રેસમાં છપાયેલ, સુશોભિત બાઈંડીંગ અને શ્રી મહાવીરસ્વામી તથા ગૌતમસ્વામી અને એ પૂજ્યપાદ ગુરુ મહારાજાઓની સુંદર રંગીન છબીઓ પણ ભક્તિ નિમિત્તે સાથે આપવામાં આવેલ છે. આટલો મોટો સ્તોત્રોનો સંગ્રહ, છતાં સર્વ કોઇ લાભ લઇ શકે જે માટે મુદ્દલથી પણ ઓછી કિંમત માત્ર રૂા. ૦—૪—૦ ચાર આના. પોસ્ટેજ રૂા. ૦—૧—૩ મળી મંગાવનારે રૂા. ૦—૫—૩ ની ટીકીટો એક બુક માટે મોકલવી.

લખોઃ —


**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**


---

**"શ્રી આત્માનંદ પ્રકાશ" માસિકનું વાર્ષિક લવાજમ. રૂા. ૧–૮–૦ પોસ્ટેજ ચાર આના અલગ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક : ૩૭ મું : આત્મ સં. ૪૫ : વીર સં. ૨૪૬૬ : જેઠ :
અંક : ૧૧ મો : * * વિક્રમ સં. ૧૯૯૬ : જુન :

## ઓ માનવી ! આ જન્મનો, એ લ્હાવ તું લેતો જજે

( હરિગીત છંદ )

આ હિંદદેવી જન્મભૂમિ, જન્મદાત્રી તુલ્ય છે,
તન–મન–ધને સેવા સજે, કર્તવ્ય એ જ અમૂલ્ય છે;
નિજ દેશના કલ્યાણ માટે, આત્મભોગો આપજે,
ઓ માનવી ! આ જન્મનો, એ લ્હાવ તું લેતો જજે. ૧

માતા–પિતા–બન્ધુ-સગાં-સંબંધીઓ ને સ્નેહીઓ,
તે સર્વનાં સુખકારણે, દૈવે દીધી છે દેહીઓ;
ભૂલીશ મા ભવમાં કદી, ફરજો સદા ય બજાવજે,
ઓ માનવી ! આ જન્મનો, શુભ લ્હાવ એ લેતો જજે. ૨

ભૂલાં પડેલાં, ભટકતાં, કે દેહમાં દર્દો ભર્યાં,
તેની દયા હૃદયે ધરી, તે સઘ ભવસાગર તર્યાં;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગરિબો, અનાથો, ને અપંગો, સેવ્યભાવે સેવજે,
ઓ માનવી! આ જન્મનો, એ લ્હાવ તું લેતો જજે. ૩
સામર્થ્ય કે સંપત્તિનો, ઉપયોગ દાન દયા વિષે,
કે દેશના કલ્યાણ માટે, વાપરો હોંશે હિસ્સે;
સંસાર સ્વપ્ન સમાન છે, એ વાત નિત્ય વિચારજે,
ઓ માનવી ! આ જન્મનો, એ લ્હાવ તું લેતો જજે. ૪
દૃષ્ટિ મીઠી કરજે સદા, પરમાર્થકેરા કામમાં,
સંભાળ લેજે સર્વદા, ગરિબોની ઠામેઠામમાં;
વિદ્યા ભણ્યાનું એ જ ફળ, એ ધર્મ અંતર ધારજે,
ઓ માનવી ! આ જન્મનો, એ લ્હાવ તું લેતો જજે. ૫
નિત્યે પ્રભુના નામકેરી, ધર્મ–ધૂન લગાવજે,
આ દેહ ક્ષણભંગુર છે, સિદ્ધાંત ઉરમાં લાવજે;
હાથે કર્યું, સાથે થશે, એ શાસ્ત્રવાત સ્વીકારજે,
ઓ માનવી ! આ જન્મનો, એ લ્હાવ તું લેતો જજે. ૬
લુચ્ચા–લફંગા–દુષ્ટજનને, માર્ગ શુદ્ધ બતાવજે,
સદ્બુદ્ધિની કરી પ્રેરણાઓ, લક્ષણો શુભ લાવજે;
ઉદ્યોગ–હુન્નર કે કળામાં, જુક્તિ આણી જોડજે,
ઓ માનવી ! આ જન્મનો, એ લ્હાવ તું લેતો જજે. ૭
આયુષ્ય ચાલ્યું જાય છે, મૃત્યુ અચાનક આવશે,
એ સમય ભવ–ભાતું થવા, એકે ઉપાય ન ફાવશે;
છે તક હજીએ હાથમાં, ત્યાં સુધી સાધન સાધજે,
ઓ માનવી ! આ જન્મનો, એ લ્હાવ તું લેતો જજે. ૮

દોહરો

ધર્મ અને સત્કીર્તિ એ, અમર કમાણી બે જ;
માનવજન્મ સુધારવા, લક્ષ રાખી એ લે જ. ૧

સમાજહિતચિંતક
**કવિ રેવાશંકર વાલજી બધેકા–ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[ લે૦ આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ]

# ભિન્નરૂચિ જગતની ભિન્ન ભિન્ન પ્રિયતા

જગત ભિન્ન ભિન્ન રુચિવાળું છે. જેને જે ગમે છે તેની ચાહના તેને રહ્યા કરે છે. કોઇને ક્ષમા, દયા, સરળતા, સત્ય આદિ ગુણો ગમે છે તો કોઇને સુંદર આકૃતિ તથા રૂપ ગમે છે. કોઇને બુદ્ધિ, ડહાપણ તથા ચતુરાઈ ગમે છે તો કોઇને સુંદર વિચારો તથા સુંદર વર્તન ગમે છે. કોઇને ધર્મભાવના તથા ધર્મપ્રવૃત્તિ ગમે છે તો કોઇને મોટાઈ અને ખ્યાતિ ગમે છે. કોઇને ધન ગમે છે તો કોઇને વય ગમે છે. તાત્પર્ય કે જેની પાસે જે વસ્તુ હોય છે તે વસ્તુની રુચિવાળા તે વ્યક્તિના ઉપાસક બને છે.

સંસાર એક પ્રકારનો બજાર છે અને તેમાં જેને જે જોઇએ તે મળી શકે છે. માણસો જેમ બજારમાંથી કિંમત આપીને જોઇતી વસ્તુઓ મેળવી શકે છે તેવી જ રીતે સંસારમાં પણ મોં-માંગ્યું મૂલ્ય આપીને માનવી મનગમતી વસ્તુ મેળવી શકે છે.

માણસને એક વખત મનગમતી વસ્તુ કોઇની પાસે જણાવી જોઇએ, પછી તો પૂછવું જ શું ? તન, મન, ધન અને સર્વસ્વ અર્પણ કરીને પણ તેની ચાહના મેળવી તેની સેવા સ્વીકારે છે, અને તેનો પ્રેમ અવિચળ રાખવાને પોતાના પ્રત્યેના પ્રતિકૂળ વર્તનને પણ આવકાર આપે છે. જેને જે વસ્તુઓ ગમે છે તે વસ્તુ મેળવવાની ઇચ્છાથી તેના માલીકનું મન આકર્ષણ કરીને, તેનો પોતાના પ્રત્યે પ્રેમ જગાડીને, તેને પોતાને સ્વાધીન કરવા તેની મનગમતી વસ્તુ પોતાનામાં ન હોવા છતાં પણ તેનો બહારથી ડોળ ધારણ કરે છે.

ક્ષમા, સરળતા, નમ્રતા, સમતા આદિ જેને ગમે છે તેઓ ક્ષમા આદિના ધારક માણસોને ચાહે છે અને તેમના ઉપર રાગ રાખીને મનમાં સંતોષ માને છે, તન, મન, ધનથી તેની સેવા કરે છે; તેમજ ક્ષમા વિગેરે મેળવવા પ્રયાસ પણ કરે છે. આવી રુચિવાળી વ્યક્તિઓનો રાગ પ્રશસ્ત હોય છે અને તેઓ પોતાના આત્માનો વિકાસ સાધી શકે છે.

ક્ષમા આદિ આત્માના ગુણો છે અને તેની રુચિવાળા જીવો ઉત્તમ કોટીના કહેવાય છે. આવા માણસો નિઃસ્પૃહી, આત્મિક ગુણસંપન્ન વ્યક્તિઓના ઉપાસક હોય છે. ઓછી જરૂરીઆતવાળા અને પોતાના ઉપાસકોનું કલ્યાણ ઇચ્છવાવાળા ઉત્તમ પુરુષોને પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મિક ગુણુ મેળવવાની રુચિવાળા જીવો ગમતા હોવાથી તેઓ પણુ તેમને ચાહે છે.

બુદ્ધિ, ડહાપણુ અને ચતુરાઈની રુચિવાળાને બુદ્ધિશાળી, ડાહી અને ચતુર વ્યક્તિઓ ગમતી હોવાથી તેમની મનોવૃત્તિઓ તેમના તરફ વળેલી હોય છે, પરંતુ બુદ્ધિ, ડહાપણુ અને ચતુરાઈ તો કોઈક જ શીખે છે; બાકી ઘણાખરા તો કાવાદાવા, વાક્પટુતા અને કામ કરવાની પદ્ધતિથી આકર્ષાય છે. આવાઓના સંસર્ગમાં રહેવામાં પોતાના મનમાં આનંદ અને સંતોષ માને છે, અને તેમની ઇચ્છા પ્રમાણે વર્તીને તેમનો પ્રેમ ટકાવી રાખે છે.

મોટાઈ, કીર્તિ તથા પ્રસિદ્ધિને પસંદ કરનારા મોટા કીર્તિવાળા તથા જનતામાં પ્રસિદ્ધિ પામેલાને ચાહે છે. પછી તે મોટાઈ, કીર્તિ અને પ્રસિદ્ધિ જનતાને પસંદ પડે તેવો બોલવાનો અને વર્તવાનો ડોળ કરીને મેળવેલ હોય તેનું તેઓ કાંઈ પણુ ધ્યાન રાખતા નથી; પણુ બહારથી મોટાઈ આદિ જોઈને તેમના ઉપાસક બની જાય છે.

રૂપ, આકૃતિ તથા સુંદરતા અને ધનની ચાહનાવાળા મનગમતાં રૂપ આદિ જેની પાસે હોય છે તેના પ્રતિ અદ્વિતીય પ્રેમ જાહેર કરીને રૂપ આદિ વસ્તુઓનો ઉપયોગ કરવા હમેશાં આતુર રહે છે. ધન મેળવવા ધનવાનને તન, મન અર્પણુ કરીને તેના દાસ બની જાય છે.

આ પ્રમાણે ભિન્ન ભિન્ન રુચિવાળી વ્યક્તિઓ પોતપોતાની રુચિ પ્રમાણે માણસો પ્રત્યે વલણવાળી હોવાથી એક માણસ પ્રત્યે બધા માણસોનો પ્રેમ હોઈ શકતો નથી. જેને જે માણસ ગમતું હોય તે માણસને પોતાનું પ્રેમી બનાવવા તેના વિચાર તથા વર્તનના અનુસાર વર્તીને તેની રુચિને માન આપે છે અને તેના જીવનમાં પોતાના જીવનને ઓતપ્રોત બનાવવા પ્રયાસ કરે છે.

સદ્ગુણુ તથા સદ્વર્તનની ચાહનાવાળાનો પૂજ્ય પ્રેમ હોવાથી તેઓ નિરંતર સદ્ગુણીના રાગી હોઈને નિરંતર તેમની શુદ્ધ અંતઃકરણથી સેવા કરે છે. પોતાના આત્મામાં સદ્ગુણોનો વિકાસ કરવા તેમના માર્ગને અનુસરે છે. આવી રુચિવાળા માણસોની મનોવૃત્તિમાં કોઈ પણુ પ્રકારના સ્વાર્થનો અંશ હોતો નથી તેથી તેઓનો પૂજ્ય પ્રેમ અખંડ અને જીવન પર્યંત ટકવાવાળો હોય છે દુર્ગુણી તથા દુરાચારીના પ્રત્યે એમની મનોવૃત્તિઓ વળતી નથી, તેમના પ્રત્યે ઉપેક્ષા રહ્યા કરે છે. જેઓ શાંતિના ઉપાસક હોય છે તેઓ શાંત આત્માઓની શોધમાં ફરે છે અને તેમને મેળવીને પરમ સંતોષ માને છે, તેમની પૂર્ણ પ્રેમથી સેવા કરીને પરમ આનંદ અનુભવે છે. ત્રિવિધ તાપને શાંત કરવા તેમની સંગત છોડતા નથી અને તેમની નિરંતરની સોબતથી સુખે જીવાય તેવું શાંતિમય જીવન બનાવે છે.

કેટલાક સંગીતના પ્રેમી હોય છે. તેમને ગવૈયાઓ બહુ ગમે છે. પુષ્કળ ધનવ્યય કરીને પણુ ગવૈયાઓને તે પોષે છે, મનગમતું વર્તન કરીને પણુ ખુશી રાખે છે, પોતાનું જીવન બરબાદ થઈ જવાની પણુ તેઓ પરવા રાખતા નથી. પોતે સંગીત શીખે અથવા ન શીખે પરંતુ તેમની સંગીતની રુચિ જ ગવૈયાના પ્રેમને છોડવા દેતી નથી.

ધર્મની રુચિવાળાનો ધાર્મિક માણસો ઉપર રાગ હોય છે અને તેમની સોબતમાં રહેવાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હમેશાં ઉત્સુક રહે છે, ધર્મી માણસોને જોઇને બહુ જ રાજી થાય છે. પોતે જેવા પ્રકારનો ધર્મ માનતો હોય તેવા પ્રકારના જ ધર્મી હોવા જોઇએ; કારણ કે ધર્મની માન્યતાઓ ઘણા પ્રકારની છે. આત્મિક ધર્મની રુચિવાળાને આધ્યાત્મિક પુરુષો બહુ ગમે છે. અને પૌદ્‌ગલિક ધર્મની રુચિવાળાને આંખને અને કાનને ગમે તેવી ધર્મની બાહ્ય પ્રવૃત્તિવાળા પુરુષો ગમે છે. આવા માણસોને ધામધૂમ તથા ધમાલ બહુ જ પસંદ પડે છે. જ્યાં જ્યાં જનસમૂહ એકત્રિત થઈને ધર્મની બાહ્ય પ્રવૃત્તિઓ કરી રહ્યો હોય–પછી તે વ્યવસ્થિત હો કે અવ્યવસ્થિત હો, સવિધિ હોય કે અવિધિ હોય–ત્યાં ત્યાં આ જીવો રસપૂર્વક ભાગ લેવાના જ અને પોતાને કૃતકૃત્ય માનવાના જ.

ડોળ તથા આડંબરને પસંદ કરનારાઓ ડોળી તથા આડંબરીને અત્યંત ચાહતા હોવાથી તેમની તરફ તેમનું આકર્ષણ વધારે રહે છે. આવા જીવોને આત્માર્થી સાચા સંતપુરુષો ગમતા નથી. એટલા માટે તેમના સહવાસમાં તેઓ આવતા નથી. જેથી કરીને સાચી સુખશાંતિ મેળવવાથી વંચિત રહી જાય છે. ડોળી માણસો તુચ્છ સ્વાર્થવાળા હોવાથી પોતે વિરુદ્ધ હોવા છતાં પણ બીજાને ગમતા વિચારો તથા વર્તનનો ડોળ કરીને પોતાનો તુચ્છ સ્વાર્થ સાધે છે. આવી પ્રવૃત્તિ જાણવા છતાં પણ ડોળીને ચાહવાવાળા તેની ઉપાસના છોડતા નથી.

આ પ્રમાણે સંસારમાં ભિન્નભિન્ન રુચિવાળા જીવોને ચાર કોટીમાં મૂકી શકાય. સર્વથી ઉચ્ચ કોટીના જીવો આત્મવિકાસની ચાહનાવાળા હોય છે.આ પુરુષો ઉત્તમ આત્મવિકાસી મહાપુરુષોના અનુરાગી હોય છે. એમનો પ્રેમ અત્યંત શુદ્ધ, અખંડ અને પ્રતિદિન વૃદ્ધિવાળો હોય છે. એમની દરેક પ્રવૃત્તિ શુદ્ધ હોય છે, માટે જ આત્મવિકાસી પુરુષોના જીવનમાં એમનું જીવન ઓતપ્રોત થઇ ગએલું હોય છે.

બીજી કોટીના સદ્‌ગુણ તથા સદ્‌વર્તનના રાગી સદ્‌ગુણીને ચાહવાવાળા. તેઓ પછી સદ્‌ગુણ મેળવે અથવા ન મેળવે પરંતુ નિરંતર તેમના પ્રત્યે પ્રીતિ રાખી તેમની પોતાના પ્રત્યે પ્રીતિ બનાવી રાખવા ઉત્સુક રહે છે.

ત્રીજી કોટીના ચતુરાઇ, ડહાપણ, બુદ્ધિમત્તા, વિદ્વત્તા આદિને ધારણ કરવાવાળાઓને જોઇને આનંદ માને છે અને પોતાનું સર્વસ્વ અર્પણ કરીને સેવા કરે છે. ચતુરાઇ આદિ મેળવવાની ઇચ્છાથી ચાહતા નથી, પણ તેમની પ્રકૃતિઓને આવી વસ્તુઓ ગમતી હોવાથી કુદરતી રીતે તેમના પ્રેમી હોય છે.

ચોથી કોટીના જીવો રૂપ, વય, ધન, સુંદરતા આદિના ઉપભોગની ઇચ્છાવાળા હોવાથી રૂપ આદિ વસ્તુઓ જેની પાસે હોય છે તેમની પ્રીતિ મેળવવા સતત પ્રયાસવાળા રહે છે. તેમનું મન પ્રસન્ન રાખવા તેમને મનગમતી ચેષ્ટાઓ કરે છે. તેમનાં કડવાં અને કઠોર વચનો મીઠાં અને કોમળ માની આનંદ અનુભવે છે. પ્રતિકૂળ વર્તનને પણ અનુકૂળ બનાવીને તેમના પ્રેમને ઝાંખો પડવા દેતા નથી. કારણ રૂપ આદિ ભોગની તીવ્ર રુચિવાળા હોવાથી બીજી રુચિવાળા કરતાં વધારે પ્રેમ રાખવાવાળા હોય છે, પરંતુ આવા જીવો સ્વાર્થી હોવાથી રૂપ તથા ધનની ઓછાશ થવાથી કે સર્વનાશ થવાથી તેમનો પ્રેમ તથા ચાહના નષ્ટ થઈ જાય છે. દેખાવમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખક:—શાસનપ્રભાવક શ્રીમદ્ વિજયમોહનસૂરીશ્વરજી પ્રશિષ્ય
પં. શ્રી ધર્મવિજયજી ગણિ

# શ્રી શ્રુતજ્ઞાન.

( ગતાંક પૃષ્ઠ ૨૭૦ થી ચાલુ )

## અવાન્તર ક્ષાયિક સમકિત સ્વરૂપ

આગળ આપણે જણાવી ગયા છીએ કે–આયુષ્યનો બંધ થયા અગાઉ આ આત્માને ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય તો અન્તર્મુહૂર્ત્તમાં કેવલજ્ઞાન અને તે ભવમાં મોક્ષ મળે છે અને આયુષ્યનો બંધ કર્યા બાદ ક્ષાયિક સમ્યક્ત્વ પામે તો ત્રીજે અથવા ચોથે ભવે તે આત્મા મોક્ષે જાય છે. દેવ અથવા નરકનું આયુષ્ય બંધાયું હોય તો ત્રીજે ભવે અને અસંખ્યવર્ષાયુષ્ક યુગલિક મનુષ્ય–તિર્યંચનું આયુષ્ય બાંધ્યું હોય તો ચતુર્થ ભવે મોક્ષ પામે છે.

**પ્રશ્ન:**—બદ્ધાયુષ્ક ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ માટે ઉપર જેમ ત્રણ અથવા ચાર ભવ કહ્યા તે પ્રમાણે તેથી ઓછા અથવા અધિક ભવો તે સમકિતવંત માટે હોઇ શકે કે નહિ ?

**ઉત્તર:**—ધોરી માર્ગ ઉપર જણાવ્યા મુજબ ત્રણ અથવા અપેક્ષાએ ચાર ભવનો જ છે. એમ છતાં કૃષ્ણ વાસુદેવ તેમ જ પંચમ આરાના પ્રાંત ભાગમાં થનાર આચાર્ય શ્રી દુપ્પસહસૂરિજી માટે પાંચ ભવો કહેવામાં આવે છે. "**तंमि य तइयचउत्थे भवम्मि**

---

સૌ કરતાં વધારે ચઢીઆતો પ્રેમ હોય પરંતુ પરિણામે પતંગના રંગની જેમ ઊડી જાય છે.

આવી રીતે જુદી દિશામાં પ્રયાણ કરી રહેલું જગત એક જણની દિશામાં દોરવાતું નથી. અને રુચિ સહિત કોઇ એક દિશામાં પ્રયાણ કરનાર ભિન્ન દિશામાં પ્રયાણ કરનારને તેની રુચિ કાયમ રાખીને પોતાની દિશામાં દોરવા ઇચ્છતો નથી. પોતાની દિશામાં દોરનાર પ્રથમ સમાન રૂપી બનાવવા પ્રયાસ કરે છે અને ત્યાર પછી જ તેને ચાહે છે, માટે આવા ભિન્નરુચિ જગતમાં કોઈ પ્રેમ જોડે અથવા તોડે, કોઈ ચાહે અથવા ન ચાહે તો તેના માટે કોઇને પણ હર્ષ શોક કરવા જેવું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**सिज्झंति खइयसम्मत्ते । सुरनरयजुगलिसु गइ इमं तु जिणकालिय नराणं ॥१॥''**

**ભાવાર્થ**:–બદ્ધાયુષ્કને ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય તો ત્રીજે અથવા ચતુર્થ ભવે અવશ્ય મોક્ષપ્રાપ્તિ થાય છે, તેઓની ગતિ દેવ, નારક અને યુગલિકોમાં જ હોય છે અને આ ક્ષાયિક સમ્યક્ત્વ જિનકાલિક મનુષ્યોને જ (પ્રસ્થાપકની અપેક્ષાએ) હોય છે. સિદ્ધાન્તની આ ગાથા તેમ જ તેના ભાવાર્થ મુજબ ક્ષાયિક સમકિતવંત માટે ત્રણ અથવા ચાર ભવ હોય તે તો નિશ્ચિત વસ્તુ છે. આ બાબત કર્મપ્રકૃતિ, પંચસંગ્રહ, સપ્તતિકાભાષ્ય વિગેરે ઘણા ય ગ્રન્થોમાં આવે છે. આમ છતાં કલિકાલસર્વજ્ઞ ભગવાન્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ શ્રી નેમીશ્વર ભગવંતના ચરિત્રમાં તેમજ ન્યાયવિશારદ, ન્યાયાચાર્ય ઉપા૦ શ્રી યશોવિજયજી મહારાજા શ્રી કર્મપ્રકૃતિની ટીકામાં કૃષ્ણ વાસુદેવ તથા દુપ્પસહસૂરિજીને ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ માનવા સાથે પાંચ ભવો જણાવે છે, જે આ પ્રમાણે-

**'भूयोऽप्यधत्त सर्वज्ञो मा विषीद जनार्दन !**
**तत उध्धृत्य मर्त्यस्त्वं भावी वैमानिकस्ततः ॥१॥**
**च्युत्वा भाव्यत्र भरते शतद्वारपुरेशितुः ।**
**जितशत्रोः सुतोऽर्हस्त्वं द्वादशो नामतोऽममः ॥२॥**

**ભાવાર્થ**:— "પુનઃ નેમીશ્વર ભગવંતે કહ્યું કે હે શ્રી કૃષ્ણ ! નરકમાં જવું પડે છે તે માટે તું ખેદ કરીશ નહિં, કારણ કે ત્યાંથી નીકળીને તું મનુષ્યપણું પામીશ, મનુષ્યપણામાંથી વૈમાનિક દેવ થઇશ અને ત્યાંથી ચ્યવીને આ ભરતક્ષેત્રમાં શતદ્વાર નગરના જિતશત્રુ રાજાનો પુત્ર થઇને તું **અમમ** નામે બારમો તીર્થંકર થઇશ." ( **त्रिषष्ठि–नेमीश्वरचरित्र** )

**इदं च प्रायो बाहुल्यमिति सम्भाव्यते, यतः क्षीणसप्तकस्य कृष्णस्य पञ्चमभवेऽपि मोक्षगमनं श्रूयते । उक्तञ्च नरयाउ नरभवम्मि देवो होऊण पंचमे कप्पे तत्तो चुओ समाणो बारसमो अमम तित्थयरो ॥१॥ इति । इत्थमेव दुःप्रसहादीनामपि क्षायिकसम्यक्त्वमागमोक्तं युज्यते इति यथागमं विभावनीयम् ॥**

**ભાવાર્થ**:—આ ત્રણ અથવા ચાર ભવની વાત બહુલતાએ કહી હોય તેવો સંભવ છે, કારણ કે દર્શનસપ્તક જેનું ક્ષીણ થયેલ છે એવા કૃષ્ણ વાસુદેવને પાંચમા ભવમાં પણ મોક્ષપ્રાપ્તિ સંભળાય છે. જે માટે કહ્યું છે કે–' નરકમાંથી મનુષ્યભવમાં, તેમાંથી પાંચમા બ્રહ્મદેવલોકમાં દેવનો ભવ, ત્યાંથી ચ્યવીને મનુષ્યભવમાં બારમા **અમમ** નામના તીર્થંકર થશે.' આ પ્રમાણે જ દુપ્પસહસૂરિજી વિગેરે માટે પણ આગમમાં કહેલ ક્ષાયિકસમ્યક્ત્વ ઘટી શકે છે, ઇત્યાદિ સિદ્ધાન્તાનુસારે વિચારી લેવું. [ **कर्मप्रकृति टीका उ० यशोविजयविरचिता** ]

આ પ્રમાણે પાંચ ભવ માટે સ્પષ્ટ પાઠો મળે છે એ ઉપરાંત તૃતીય કર્મગ્રન્થની ૨૦મી ગાથામાં ક્ષાયિક સમકિતવંતને દેવાયુષ્યનો બંધ કહ્યો છે તે પણ પાંચ ભવોની પુષ્ટિ આપે છે. જે આ પ્રમાણે—

**" अड उवसमि चउ वेअगि खइए इक्कार मिच्छ तिगिदेसे । सुहुमि सठाणं तेरस आहारगि निअनिअ गुणोहो ॥१॥ "**

આ ગાથા 'ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને ૧૧ ગુણસ્થાનકો હોય અર્થાત્ ચતુર્થ ગુણસ્થાનથી ચૌદમા ગુણસ્થાન સુધી ક્ષાયિક સમ્યક્ત્વ હોઈ શકે છે અને બંધ પણ ઓઘે એટલે કે બીજા કર્મગ્રન્થમાં જે પ્રમાણે કહ્યો છે તે પ્રમાણે સમજવો.' એમ કહ્યું છે. એથી ક્ષાયિક સમ્યક્ત્વમાં ઓઘે ૭૯, અવિરતિ (ચોથા) ગુણસ્થાને ૭૭, દેશવિરતિમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬૭, પ્રમત્તમાં ૬૩, ઈત્યાદિ કર્મપ્રકૃતિઓ બંધાય યાવત્ અયોગી અબંધક હોય. ક્ષાયિક સમકિતવાળા માટે જો પાંચ ભવ જેવી કોઈ બાબત ન હોય તો અહિં જરૂર શંકા થાય કે–ક્ષાયિક સમકિતવંતને પાંચમા તથા છઠ્ઠા ગુણસ્થાને દેવાયુષ્યનો બંધ કહ્યો છે તે શી રીતે સંભવે ? કારણ કે અબદ્ધાયુ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ તદ્ભવે મોક્ષે જાય છે એટલે આયુષ્ય બાંધતો જ નથી અને બદ્ધાયુ ક્ષાયિકસમકિતવંત હોય તેણે આ ભવમાં આયુષ્ય બાંધેલ હોવાથી પુનઃ આયુષ્ય બાંધવાનો પ્રસંગ નથી, કારણ કે દેવભવનું આયુષ્ય બાંધેલ હોવાથી દેવભવમાં જાય, ત્યાંથી મનુષ્યપણું પામી મોક્ષે જાય એટલે પુનઃ ક્ષાયિક સમકિત હોય અને દેવાયુષ્ય બંધાય તેવો યોગ જ મળતો નથી. આ શંકાનું સમાધાન ક્ષાયિકસમકિતવંતને પાંચ ભવ માનીએ તો બરાબર થઇ શકે છે. કૃષ્ણ વાસુદેવના પ્રસંગમાં હમણાં જ આપણે જાણી ગયા છીએ કે–તે નરકના ભવમાંથી નીકળી મનુષ્યપણું પામશે અને મનુષ્યભવમાં દેવાયુષ્યનો બંધ કરીને પાંચમા બ્રહ્મદેવલોકમાં ઉત્પન્ન થશે. એ જ પ્રમાણે શ્રી દુપ્પસહસૂરિજી માટે વિચારવાનું છે. તેઓનું ક્ષાયિક સમકિત આગળના ભવનું છે, વર્ત્તમાન ભવનું નથી; કારણ કે ક્ષાયિક સમકિત જિનકાલિક મનુષ્ય તથા પ્રથમ સંઘયણવાળાને જ થાય છે. દુપ્પસહસૂરિજી વર્ત્તમાન ભવની અપેક્ષાએ જિનકાલિક નથી તેમ જ પ્રથમ સંઘયણવાળા પણ નથી, માટે તેઓ જે દેવભવમાંથી અહિં આવ્યા છે તે દેવભવ પહેલાના મનુષ્યભવમાં તેઓએ ક્ષાયિક સમકિત પ્રાપ્ત કર્યું છે. કદાચ કોઇ એમ કહે કે તેઓનું ક્ષાયિક અનન્તર પૂર્વ જન્મનું છે, તો તેમ પણ કહી શકાય તેવું નથી, કારણ કે જો દેવ અથવા નરકમાંથી તેઓ આવ્યા હોય તો ત્યાં દેવ–નરક ભવમાં ક્ષાયિક ઉત્પન્ન થતું નથી. ક્ષાયિક સમકિતનો ઉત્પાદક સંખ્યાતવર્ષના આયુષ્યવાળો, પ્રથમ સંઘયણી, જિનકાલિક મનુષ્ય જ હોવો જોઈએ જે વાત વારંવાર કહેવામાં આવેલ છે. વળી અનન્તર મનુષ્ય કે તિર્યંચગતિમાંથી પણ આવેલ નથી; કારણ કે સંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્ય અથવા તિર્યંચ ભવનું આયુષ્ય બંધાયા પછી મનુષ્યભવમાં જિનકાલિકાદિ સંપૂર્ણ સામગ્રી હોય તો પણ તેમને ક્ષાયિક સમકિત પેદા થઈ શકતું જ નથી. આ પ્રમાણે કૃષ્ણવાસુદેવ તથા શ્રી દુપ્પસહસૂરિજીને ક્ષાયિક સમકિતવંત માનવા સાથે પાંચ ભવોનું પ્રતિપાદન આ કર્મગ્રન્થની ગાથાથી સૂચિત થાય છે.

'વસુદેવહિંડી ' નામના પ્રામાણિક ગ્રન્થમાં પણ કૃષ્ણ વાસુદેવના પાંચ ભવો બતાવ્યા છે, જે આ પ્રમાણે—**कण्हो तइयपुढविओ उव्वट्टित्ता इहेव भारहे वासे सयदुवारे नयरे पत्तमंडली यमावो पव्वउंज पडिवज्जित्ता तित्थयरनाम-कम्मं सम्मज्जिणित्ता वेमाणिएसु उववज्जिय तुवा लसमो अमम नाम तित्थयरो भविस्सइ।**

**ભાવાર્થ:**—કૃષ્ણવાસુદેવ તૃતીય નરકપૃથ્વીમાંથી નીકળીને આ જ ભરતક્ષેત્રમાં શતદ્વારનગરમાં માંડલિક રાજા થઈને દીક્ષા અંગીકાર કરી વૈમાનિક દેવ થશે. ત્યાંથી ચ્યવીને મનુષ્યપણું પામી બારમા અમમ નામના તીર્થંકર થશે.

આ પ્રમાણે કૃષ્ણ વાસુદેવ માટે પાંચ ભવના પાઠો સ્પષ્ટ મળતાં હોવા છતાં કેટલાક ગીતાર્થ પૂર્વાચાર્ય મહર્ષિઓ ક્ષાયિક સમકિતવંતને પાંચ ભવ માનવા માટે તૈયાર થતા નથી. તેઓનું એવું મન્તવ્ય છે કે ક્ષાયિક સમકિત એ આત્મિક ગુણ એટલી ઉચ્ચ કક્ષાનો છે કે આયુષ્યબંધાદિ તેને જો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઈ પ્રતિબંધક ન હોય અને રત્નત્રયીની આરાધનાને લાયક ભવની પ્રાપ્તિ થઇ હોય તો તે આત્મા સંપૂર્ણપણે રત્નત્રયીની આરાધના કર્યા સિવાય રહી શકતા જ નથી. તે આત્માની ઉત્પત્તિ પણ તેવા સ્થાનમાં જ થાય કે જ્યાં સંપૂર્ણ રત્નત્રયીની આરાધના થઈ શકતી હોય. દેવલોકમાંથી ક્ષયોપશમ સમકિત સાથે મનુષ્ય ભવમાં આવેલો આત્મા પણ જો સમ્યક્ત્વ ટકાવી રાખે તો યોગ્ય ઉમરે વિરતિ ગ્રહણ કર્યા સિવાય રહી શકતો નથી, તો પછી ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જેવો નિર્મળ આત્મા રત્નત્રયીની સંપૂર્ણ આરાધના અને પરંપરાએ કર્મક્ષય થઈ શકે તેવો માનવભવ કેમ પ્રાપ્ત ન કરી શકે ? અર્થાત્ આયુષ્યબંધાદિના પ્રતિબંધકપણા સિવાય તેને સંસારમાં રહેવાપણું હોઈ શકતું જ નથી. બદ્ધાયુષ્ક ક્ષાયિક સમકિતવંતના જે ત્રણ અથવા ચાર ભવો કહેવાય છે તે પણ આયુષ્યબંધાદિનું મોક્ષપ્રાપ્તિમાં પ્રતિબંધકપણું ધ્યાનમાં રાખીને જ કહેવાયા છે.

કૃષ્ણવાસુદેવાદિના પાંચ ભવોના સ્પષ્ટ પાઠો મળતા હોવાથી તેમ જ બારમા તીર્થંકરપણે થવા માટે જે કાળનું અંતર છે તે પાંચ ભવ સિવાય પૂર્ણ ન થઈ શકે તેમ હોવાથી પાંચ ભવના મન્તવ્યમાં ભલે વિસંવાદ ન મનાય, પરંતુ તેમને જે ક્ષાયિક સમકિત ગણવામાં આવે છે તે ક્ષાયિક નહિં પણ ક્ષાયિકના સરખું શુદ્ધ ક્ષયોપશમ માનવું, અર્થાત્ અપેક્ષાએ ક્ષયોપશમ સમકિતના બે ભેદ પાડવા, એક અપ્રતિપાતિ ક્ષયોપશમ સમકિત અને બીજું પ્રતિપાતિ ક્ષયોપશમ સમકિત. જે ક્ષયોપશમ સમકિત ક્ષાયિક સમકિત પ્રાપ્ત થયા સિવાય ચાલ્યું ન જાય તે અપ્રતિપાતિ ક્ષયોપશમ સમકિત સમજવું અને જે ક્ષાયિકની પ્રાપ્તિ અગાઉ પણ વિનાશ પામે તે પ્રતિપાતિ ક્ષયોપશમ સમકિત સમજવું. શ્રી કૃષ્ણવાસુદેવાદિ માટે અપ્રતિપાતિ શુદ્ધ ક્ષયોપશમ સમકિત ગણવું, પણ ક્ષાયિક સમકિત ન ગણવું આમ તેઓનું મન્તવ્ય છે, જેનો પ્રશ્નચિંતામણિ વિગેરે ગ્રન્થોમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરેલો છે. જે આ પ્રમાણે-" કૃષ્ણવાસુદેવે નિશ્ચયથી તથા વ્યવહારથી ક્ષાયિક સમકિત મેળવ્યું હતું, તેમાં વ્યવહાર દૃષ્ટિએ મળ દૂર થતાં ક્ષાયિક જ છે, પણ નિશ્ચય દૃષ્ટિએ કૃષ્ણનું ક્ષાયિક ક્ષાયોપશમિક સમાન જ માનવું, કેમકે નિશ્ચય ક્ષાયિક પ્રમાણે સાત પ્રકારના મળનો કૃષ્ણે જો ક્ષય કર્યો હોય તો નરકમાં રહીને તેમણે જગતમાં મિથ્યાત્વની વૃદ્ધિ કરનારો ઉપદેશ બળભદ્રને કેમ કર્યો ? માટે એમાં (શુદ્ધ ક્ષયોપશમ માનવામાં ) કાંઇ વિરોધ નથી એવો વૃદ્ધ સંપ્રદાય છે. સત્ય વાત તો સીમંધર ભગવાન જાણે " [ પ્રશ્નચિંતામણિ ભાષાંતર ]

પાંચ ભવ માટે શ્રુતવૃદ્ધોની એ પણ માન્યતા છે કે-' ચરિતાનુયોગાદિ પ્રસંગે આવતા શ્રી કૃષ્ણવાસુદેવ વિગેરેના પાંચ ભવના અધિકારને અંગે શાસ્ત્રીય નિયમ જે ત્રણ અથવા ચાર ભવનો છે તેનો, તેમ જ ક્ષાયિક સમકિતની મહત્તાનો વિચાર કરતાં કૃષ્ણવાસુદેવાદિને અપ્રતિપાતિ શુદ્ધ ક્ષયોપશમ માનવું ' એ વિશેષ ઉચિત સમજાય છે. આ પ્રમાણે અમુક પૂર્વાચાર્ય મહારાજાઓ બદ્ધાયુષ્ક ક્ષાયિક સમકિત માટે બહુલતાએ ત્રણ અથવા ચાર ભવનો નિયમ રાખી કોઇક કૃષ્ણવાસુદેવ સરખાને પાંચ ભવ માનવામાં વિરોધ ગણતા નથી, જ્યારે કેટલાક આચાર્યો ક્ષાયિક સમકિત જેવા પરમ ઉચ્ચ ગુણ માટે ત્રણ-ચાર ભવના નિયમમાં જરા ય ફારફેર ન થાય એ મુદ્દાએ કૃષ્ણવાસુદેવાદિને પાંચ ભવ હોવાથી તેમને ક્ષાયિક નહિં પણ ક્ષાયિક સરખું શુદ્ધ ક્ષયોપશમ માને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ઉપરાંત 'ધર્મોપદેશમાળા' ની વૃત્તિમાં તો કૃષ્ણને ત્રણ ભવો કહ્યા છે. જે આ પ્રમાણે—
**मा सोय तुमं, तओ उवट्टित्ता इहेव भारहे वासे सयदुवारे नयरे जियसत्तुस्स पुत्तो अममो नाम तित्थयरो होहिसि ॥**

**ભાવાર્થ**—હે કૃષ્ણ ! તમો ખેદ કરશો નહિં, ત્યાં(નરકમાં)થી નીકળીને આ જ ભરત-ક્ષેત્રમાં જિતશત્રુરાજાના પુત્રપણે ઉત્પન્ન થઇ તમો **'અમમ'** નામના તીર્થંકર થશો.

આ ત્રણ ભવ સંબંધી જો પાઠ બરાબર હોય તો ઉપરની ચર્ચાને કોઇ અવકાશ જ રહેતો નથી. એકંદરે તાત્પર્ય એ આવ્યું કે—

૧. આયુષ્યનો બંધ ન થયો હોય અને આત્મા ક્ષાયિક સમકિત પામે તો અન્તર્મુહૂર્ત્તમાં કેવલજ્ઞાન અને તે ભવમાં મોક્ષ મળે.

૨. દેવ અથવા નરકગતિનું આયુષ્ય બંધાયું હોય તો મુખ્ય રીતિએ ત્રણ ભવ અને ઉપર જણાવ્યા મુજબ—કૃષ્ણવાસુદેવ—દુપ્પસહસૂરિજીની માફક પાંચ ભવ પણ હોય.

૩. યુગલિક મનુષ્ય અથવા યુગલિક તિર્યંચનું આયુષ્ય બંધાયું હોય અને ત્યારબાદ ક્ષાયિક પામે તો ચાર ભવ હોય.

૪. સંખ્યાતવર્ષીય મનુષ્ય અથવા તિર્યંચનું આયુષ્ય બંધાય તો તે ભવમાં ક્ષાયિક સમકિત ન પામે.

૫. બધ્ધાયુષ્ક ક્ષાયિક સમકિતવંતને ત્રણ ચાર અથવા અપવાદે કિંવા મતાંતરે પાંચ ભવ હોય; પરંતુ બે ભવ ન જ હોઇ શકે (ચાલુ)

## બ્રહ્મચર્યનો પ્રતાપ

**પ્રથમ** ઇંદ્રિયોનો જય કર્યા વિના કષાયો જીતી શકાતા નથી. પ્રજ્વલિત અગ્નિ વિના સોનાની ઘનતા દૂર કરી શકાતી નથી.

બુદ્ધિશાળી મનુષ્યે મનઃશુદ્ધિવડે ઇંદ્રિયજય સાધવો. મનઃશુદ્ધિ વિનાના યમનિયમાદિ વૃથા કાયક્લેશ જ કરાવનારા નીવડે છે.

જે માણસ કામભોગથી કામજ્વરનો ઉપાય કરવા ઇચ્છે છે, તે અગ્નિને ઘી હોમીને ઓલવવા ઇચ્છે છે.

ચારિત્રનાં પ્રાણભૂત અને મોક્ષના એકમાત્ર કારણભૂત બ્રહ્મચર્યને જે આચરે છે, તે પૂજ્યોનો પણ પૂજ્ય છે.

બ્રહ્મચર્યથી માણસો દીર્ઘાયુષી, સુંદર આકૃતિવાળા, દૃઢ બાંધાવાળા, તેજસ્વી અને મહાવીર્યશાળી થાય છે.

—યોગશાસ્ત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સિધ્ધસેન દિવાકર

( ગતાંક પૃષ્ઠ ૨૭૫ થી શરૂ )

## જીવન અને કિંવદંતિઓ

સિદ્ધસેન દિવાકર જાતે બ્રાહ્મણ હતા અને તેઓ પહેલા વૈદિક વિદ્વાન્ હતા. કહેવાય છે કે તેઓ વિક્રમ રાજાના પુરોહિત મંત્રી દેવર્ષિના પુત્ર હતા. વિદ્વાનોનું અનુમાન છે કે તેમના જીવનનો અધિકાંશ ભાગ ઉજ્જૈન ( માલવા ) અને ચિતોડ( મેવાડ )ની આસપાસ વ્યતીત થયો હતો.

ડૉક્ટર સતીશચંદ્ર વિદ્યાભૂષણનું અનુમાન છે કે વિક્રમરાજાની સભામાં જે 'નવરત્ન' વિદ્વાન્ હતા તેમાં 'ક્ષપણક' નામવાળા વિદ્વાન્ સિદ્ધસેન દિવાકર જ પ્રતીત થાય છે. આ અનુમાન હજુ શોધનો વિષય છે, અતઃ કહી નથી શકતા કે એ ક્યાં સુધી સત્ય છે.

સિદ્ધસેન દિવાકરના સંબંધમાં એ લોકપ્રવાદ ચાલ્યો આવે છે કે તેમને પોતાના પાંડિત્યનું બહુ જ અભિમાન હતું. તેઓ પેટ પર પટ્ટી બાંધી ચાલતા હતા જેનો આશય એ હતો કે કદાચ વિદ્યાના ભારથી પેટ ફાટી ન જાય. એક કાંધ પર લાંબી નિસરણી ( સોપાનપંક્તિકા ) અને બીજી કાંધ પર જાળ રાખતા હતા. જેનું તાત્પર્ય એ હતું કે જો પ્રતિવાદી પરાજયના ભયે આકાશમાં ચાલ્યો જાય તો આ નિસરણીના બળે તેને પકડી લઉં અને જો પાણીમાં ચાલ્યો જાય તો આ જાળની સહાયતાદ્વારા મારે સ્વાધીન કરું. એ પ્રકારે એક હાથમાં કોદાળી અને બીજા હાથમાં ઘાસ રાખતા હતા, જેની મતલબ એ હતી કે જો પ્રતિવાદી પાતાલમાં પણ પેસી જાય તો કોદાળીની સહાયે તેને બહાર ખોદી કાઢું અને જો હારી જાય તો મુખમાં આ ઘાસ દઉં અર્થાત્ દયાપાત્ર બનાવી છોડી મૂકું. આ પ્રકારે તેમના પાંડિત્ય–પ્રદર્શનની આ દંતકથા સાંભળવામાં આવે છે. તેમાં ભલે અતિશયોક્તિ હો, પણ એટલું તો સત્ય અવશ્ય કહી શકાય કે તેમણે વાદ--વિવાદમાં બહુ જ ભાગ લીધો હશે, પ્રતિવાદીઓનો ગર્વ ખંડિત કર્યો હશે અને પોતાની અગાધ વિદ્વત્તાનો ગૌરવમય પ્રભાવ અમિટ રૂપે સ્થાપિત કર્યો હશે.

કહેવાય છે કે આ તેમની અહંકારમય વાગ્મિતાના કારણે તત્કાલિન પ્રસિદ્ધ જૈનાચાર્ય શ્રી વૃદ્ધવાદીસૂરિ સાથે વાદવિવાદમાં પરાજિત થયા અને તદનુસાર તત્કાલ જૈન દીક્ષા સ્વીકારી તેમના શિષ્ય બન્યા.

એક બીજી કિંવદંતિ તેમના જીવનમાં એ પણ સંભળાય છે કે તેમના કાલમાં સંસ્કૃત ભાષામાં ગ્રંથરચના કરવી એ જ વિદ્વત્તાનું ચિહ્ન સમજવામાં આવતું હતું અને પ્રાકૃત ગ્રંથ એવં પ્રાકૃત ભાષામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નવિન ગ્રંથોની રચના કરવી કેવળ બાલકોને માટે, મૂર્ખોને માટે અને ભોળી જનતાને માટે જ ઉપયોગી છે એમ સમજવામાં આવતું હતું. તેથી તેમણે સંઘ સામે એ પ્રસ્તાવ મૂક્યો કે જો આપની ઇચ્છા હોય તો મહત્ત્વપૂર્ણ જૈન સાહિત્યનું સંસ્કૃત ભાષામાં પરિવર્તન કરું. આ પ્રકારનો વિચાર સાંભળીને શ્રી સંઘ એકદમ ચોંકી ઊઠ્યો. આ વિચારોમાં તેમને જૈન ધર્મના હ્રાસની ગંધ આવી અને ભગવાન મહાવીરના પ્રતિ અને તેમના સિદ્ધાંતો પ્રતિ વિદ્રોહની ભાવના પ્રતીત થવા લાગી. શ્રી સંઘ સિદ્ધસેન દિવાકરને "**મિચ્છામિ દુક્કડં**" કહેવા માટે અને પ્રાયશ્ચિત્ત કરવા માટે દબાણ કરવા લાગ્યો. સિદ્ધસેન દિવાકરને આચાર્યશ્રીએ સંઘની સમ્મતિ અનુસાર બાર વર્ષ સુધી સંઘથી અલગ રહેવાને દંડરૂપ આદેશ દીધો, જેનો તેઓએ સહર્ષ સ્વીકાર કર્યો.

એ ઘટનાદ્વારા જાણી શકાય છે કે જૈન જનતાને પ્રાકૃત ભાષા પ્રતિ કેટલી આદરબુદ્ધિ અને મમત્વભાવ હશે. આજ પણ જૈન જનતાને સંસ્કૃત ભાષાની અપેક્ષાએ પ્રાકૃત–ભાષા (અર્ધમાગધી) પ્રતિ અધિક મમત્વભાવ અને પૂજ્યદૃષ્ટિ છે.

કહેવાય છે કે સિદ્ધસેન દિવાકર ત્યાંથી વિહાર કરી ઉજ્જૈન આવ્યા અને તે નગરના રાજા સમીપ રહેવા લાગ્યા. રાજા શૈવ હતો. એક દિવસ શૈવ-મંદિરમાં રાજા સાથે તેઓ પણ ગયા. તેમણે મૂર્તિને પ્રણામ ન કર્યાં. રાજા આથી અસંતુષ્ટ થયા અને બોલ્યા કે તમે નમસ્કાર કેમ નથી કરતા? સિદ્ધસેન દિવાકરે ઉત્તર દીધો કે-આ મૂર્તિ મારા નમસ્કાર સહન કરવા અસમર્થ છે છતાં રાજા નમસ્કારને માટે વારંવાર આગ્રહ કરવા લાગ્યા. આથી સિદ્ધસેન દિવાકર સંસ્કૃત ભાષામાં તત્કાળ છંદરચના કરતા (શ્લોક બનાવીને) ભગવાન પાર્શ્વનાથની સ્તુતિ કરવા લાગ્યા. આ સ્તુતિ આગળ ઉપર '**કલ્યાણ-મંદિર**'ના નામે પ્રસિદ્ધ થઇ એવી અનેક વ્યક્તિઓની કલ્પના છે. કહેવાય છે કે અગિયારમા શ્લોકની રચના કરતા જ મૂર્તિમાંથી ધૂમાડો નીકળવા લાગ્યા અને તત્કાલ મૂર્તિ બે ભાગમાં વિભાજિત થઇ ગઇ અને તેમાંથી પાર્શ્વનાથની મૂર્તિ નીકળી. રાજા આશ્ચર્યચકિત થઇ ગયો અને જૈન ધર્માનુરાગી બન્યો. બાર વર્ષ સમાપ્ત થયે તેમને પુનઃ આદરપૂર્વક ઘણા સમારોહ સાથે સંઘમાં સમ્મિલિત કરવામાં આવ્યા.

આ ઉપર્યુક્ત વાત દંતકથા જ છે કે ઐતિહાસિક ઘટના છે તે સંબંધમાં કોઇ નિશ્ચિત નિર્ણય આપવો કઠિન છે, કારણ કે તેનું નિર્ણાયક કોઇ ઐતિહાસિક પ્રમાણ ઉપલબ્ધ નથી. આ ઘટના પ્રભાવક ચરિત્ર આદિ ગ્રંથોમાં મળી આવે છે. જો કે પ્રભાવક ચરિત્ર સંગ્રહ અને કાવ્યગ્રંથ છે; ઐતિહાસિક ગ્રંથ નથી. આ ઉપરથી એ નિષ્કર્ષ અવસ્ય નીકળી શકે છે કે આગમિક મતાનુયાયીઓએ તેના તર્કપ્રધાન વિચારોનો વિરોધ કર્યો હશે અને પછી આ મતભેદે સંભવ છે કે કલહનું રૂપ ધારણ કર્યું હશે જેથી તેમને અન્ય પ્રાંતોમાં વિહાર કરવો પડયો હશે. પછી કંઇક કાળ પસાર થયા પછી સંભવ છે કે વિરોધીઓને તેમની આવસ્યકતા પ્રતીત થઈ હોય અને તેઓ પુનઃ આદરપૂર્વક તેમને પોતાના પ્રાંતમાં લાવ્યા હોય.

એ તો નિશ્ચિત છે કે તેઓ સર્વથા અંધ-વિશ્વાસી ન હતા. આગમોક્ત વાર્તાઓને તર્કની કસોટી પર કસી પારખતા હતા અને કોઇ વાત વિરોધી પ્રતીત થવાથી તર્કબળે તેનો સમન્વવ કરતા હતા. અને પહેલા એ પણ લખવામાં આવ્યું છે કે સમ્મતિતર્કના જ્ઞાન પ્રકરણમાં તેઓએ 'કેવળજ્ઞાન–કેવળદર્શન' નો એક જ ઉપયોગ માન્યો છે; જ્યારે આગમોમાં બેઉ ઉપયોગોને ક્રમભાવી માન્યા છે. આ સંબંધમાં તેઓએ તર્કના બળ ઉપર કર્મ સિદ્ધાંતના આધારે ક્રમભાવી અને સહભાવી પક્ષનું યુક્તિપૂર્વક ખંડન કરીને બેઉને એક જ સિદ્ધ કરી દીધા છે.

## થોડીક ઉક્તિઓ

સિદ્ધસેન દિવાકરની સ્વભાવસિદ્ધ તેજસ્વિતાના પરિચાયક, પ્રાકૃતિક પ્રતિભાના સૂચક, નિર્ભયતા તથા તર્કસંગત સિદ્ધાંતો પ્રતિ તેમની દૃઢતાના દ્યોતક કેટલાક શ્લોક નિમ્ન પ્રકારે છે. આ શ્લોકોદ્વારા તે અનુમાન પણ સિદ્ધિ થાય છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે મેં તેમના સંઘનિષ્કાસન અને વિરોધના સંબંધમાં ઉપર લખ્યું છે.

**जनोऽयमन्यस्य मृतः पुरातनः**
**पुरातनैरेव समो भविष्यति ।**
**पुरातनेषु इति अनवस्थितेषु**
**कः पुरातनोक्तानि अपरीक्ष्य रोचयेत् ॥**

**અર્થાત્**—પુરાતન પુરાતન શું પોકાર્યા કરો છો? આ મનુષ્ય (સિદ્ધસેન દિવાકર) પણ મૃત્યુ પશ્ચાત્ કેટલાક સમયાંતર પછી પુરાતન થઇ જશે ત્યારે અન્ય પુરાતનો સમાન જ તેમની પણ (સિદ્ધસેન દિવાકરની પણ) ગણના થવા લાગશે. એ પ્રકારે આ અનિશ્ચિત પુરાતનતાનું કારણ કોણ એવું હશે જે વિના પરીક્ષા કર્યે જ કેવળ પ્રાચીનતાના નામ પર જ કોઇ પણ સિદ્ધાંતને સત્ય તરીકે સ્વીકારશે? અર્થાત્ કોઇ પણ સમજદાર આદમી એમ કરવાને તૈયાર નહિ થાય.

**यदेव किंचित् विषमप्रकल्पितं,**
**पुरातनैरुक्तमिति प्रशस्यते ।**
**विनिश्चिताऽप्यद्य मनुष्यवाक्कृति-**
**र्न पठ्यते स्मृतिमोहएव सः ॥**

**અર્થાત્**—પુરાતનોએ યદિ વિષમ પણ યુક્તિ-વિરુદ્ધ કથન કર્યું હોય તો પણ તેમની પ્રશંસા જ કરવામાં આવે છે, અને યદિ આજના (વર્તમાન કાલના મારા જેવા દ્વારા) મનુષ્યદ્વારા કહેવાયેલી યુક્તિયુક્ત સત્ય વાત પણ નથી વાંચવામાં આવતી તે એક પ્રકારનો સ્મૃતિમોહ અર્થાત્ મિથ્યાત્વરૂઢિપ્રિયતા જ છે.

**परेद्य जातस्य किलाद्य युक्तिमत्,**
**पुरातनानां किल दोषवद्वचः ।**
**किमग्रे जाल्मः कृत इत्युपेक्षितुं,**
**प्रपंचनायास्य जनस्य सेत्स्यति ॥**

**અર્થાત્**—'પુરાતનોનું કહેલું તો દોષયુક્ત છે, અને કાલના ઉત્પન્ન થયેલાનું કથન યુક્તિ-સંગત છે' એવું કહેવું મૂર્ખતાપૂર્ણ છે. તેમની (સિદ્ધસેન આદિની) તો ઉપેક્ષા જ કરવી જોઇએ. આ પ્રકારે ઉપેક્ષા કરવાવાળા રૂઢિપ્રિય મનુષ્યો પ્રતિ સિદ્ધસેન દિવાકર શ્લોકની ચોથી પંક્તિમાં કહે છે કે 'આ ઉપેક્ષાથી તો આ મનુષ્ય (સિદ્ધસેન)ના વિચારોનો જ પ્રચાર થશે.'

આ શ્લોકોથી એ સાધાર અનુમાન કરી શકાય છે કે કદાચ સિદ્ધસેન દિવાકરનો ઇર્ષાવશ-પ્રતિસ્પર્ધાવશ અને રૂઢિપ્રિયતાવશથી અવશ્ય જ નિંદાત્મક વિરોધ તથા તિરસ્કાર કરવામાં આવ્યો હોય. યતઃ એ સંભવના તથ્યમય થઇ શકે છે કે આ તિરસ્કાર અને વિરોધનો સામંજસ્ય ઉપર્યુક્ત કથાના રૂપમાં પરિણત કરવામાં આવ્યું હશે. એ ગમે તેમ હો પણ એ સઘળાનો સારાંશ એ નીકળી શકે છે કે આચાર્ય સિદ્ધસેન દિવાકર સુધારક, સમયજ્ઞ, દૂરદર્શી, તર્કપ્રધાની, જૈન ધર્મના પ્રભાવક અને શાસનના સાચા અને બુદ્ધિશાળી સંરક્ષક હતા.

'સંરક્ષક' પહેલાં 'બુદ્ધિમાન' શબ્દ એ માટે લગાડવો પડ્યો છે કે તે સમયનો અધિકાંશ સાધુ-વર્ગ અને શ્રાવકવર્ગ કેવળ 'મૂલ-સૂત્ત-પાઠ' કરવામાં જ જૈન ધર્મના રક્ષાના કાર્યની સમાપ્તિ સમજતા હતા. કોઇ કોઇની એવી ધારણા પણ હતી કે કેવળ રૂઢિ અનુસાર "સિદ્ધાંતરૂપ" બની જવામાં જ જિનશાસનની રક્ષા છે.

કોઇ કોઇ તો એમ સમજતા હતા કે અનેક અનેક પ્રકારનો આડંબર દેખાડવામાં જ જિનશાસનની રક્ષા છે. આવા પ્રકારની સંપૂર્ણ મિથ્યા માન્યતાઓ પ્રતિ સિદ્ધસેન દિવાકરે ઝંડો ઉઠાવ્યો હતો અને ગૌરવપૂર્ણ વિજય પ્રાપ્ત કર્યો હતો.

સિદ્ધસેન દિવાકરે લખ્યું છે કે જો કોઇ (જૈન સાધુ) વિના મન જ અનેક ગ્રંથોનું અધ્યયન કરીને પોતાને બહુશ્રુત માની લે અથવા જો કોઇ અનેક શિષ્યો હોવા છતાં એવં જન સાધારણદ્વારા તારીફ કર્યાથી જ પોતાને 'જિનશાસન-સંરક્ષક' માની લે તો તે નિશ્ચય ઊલટે માર્ગે છે. તે શાસ્ત્રમાં સ્થિર બુદ્ધિશાળી નથી; ઊલટા સિદ્ધાંતદ્રોહી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ દૃષ્ટિએ 'બુદ્ધિમાન' શબ્દ ત્યાં સાર્થક છે. અને આ વાતના દ્યોતક છે કે પુરાણ પંથીઓનો મહાન્ વિરોધ થવા છતાં આચાર્ય સિદ્ધસેન દિવાકર પોતાના વિચારો પ્રતિ દૃઢ રહ્યા અને સ્થાયી રૂપે જિનશાસનરક્ષા, સાહિત્યનિર્માણ, એવં દીર્ઘ તપસ્વી ભગવાન મહાવીરસ્વામીના સિદ્ધાંતોનું પ્રકાશન અને પ્રભાવનાનું કાર્ય અંત સુધી કરતા રહ્યા.

## ટીકાદિ ગ્રંથ અને અન્ય મીમાંસા

સિદ્ધસેન દિવાકરરચિત કૃતિઓમાંથી કેવળ બે ઉપર જ ટીકા વ્યાખ્યા આદિ મળી આવે છે અને અન્ય કોઇ પણ કૃતિ ઉપર ટીકા નથી એ આશ્ચર્યની વાત છે. ટીકામય કૃતિઓમાંથી એક તો સમ્મતિતર્ક છે અને બીજું ન્યાયાવતાર. તેમની અતિરિક્ત ઉપલબ્ધ બત્રીસીઓમાં કોઇ પર પણ વ્યાખ્યા, ટીકા કે ભાષ્ય તો દૂર રહ્યાં પણ 'શબ્દાર્થમાત્રપ્રકાશિકા' જેવી પણ કોઇ ટીકા મળી આવતી નથી. તેનું કારણ કંઇ સમજમાં આવતું નથી. તેમની ટીકા રહિત બત્રીસીઓ નિશ્ચય જ મહાન્ ગંભીર અર્થવાળી અને અત્યંત ઉપાદેય તત્ત્વોથી ભરેલી છે. તેમની ભાષા પણ કંઇક કઠિન અને દુરુહ અર્થવાળી છે. તેમની આ પ્રકારની ભાષા જોતાં તેમનો કાળ ચોથી અને પાંચમી શતાબ્દિનો જ જણાય છે.

સંસ્કૃત સાહિત્યમાં જ્યાં જ્યાં શતાબ્દિ વ્યતીત થઈ છે ત્યાં ત્યાં ભાષાની દુરુહતા અને લાંબી લાંબી સમાસયુક્ત વાકયરચનાની વૃદ્ધિ થતી ગઇ છે. ઉદાહરણ તરીકે ક્રમે રામાયણ, મહાભારત, ભાસનું નાટક, કાલિદાસની રચનાઓ, ભવભૂતિનું નાટક, બાણની કાદમ્બરી, ભારવી, માઘ અને હર્ષના વાકયોદ્વારા મારા ઉપર્યુક્ત મંતવ્યને પૂર્ણ પુષ્ટિ મળે છે. ઉપરના ઉદાહરણ કાળક્રમે લખવામાં આવ્યા છે અને પ્રત્યેકમાં ઉત્તરોત્તર ભાષાની કિલષ્ટતા અને અર્થની દુરુહતાનો વિકાસ થતો ગયો છે. એ પ્રકારે જૈન સાહિત્યમાં પણ ઉમાસ્વાતિની ભાષા અને સિદ્ધસેન દિવાકરની ભાષા સાથે તુલના કરતાં જણાય છે કે બંનેની ભાષામાં પૂરતું અંતર છે. ઉમાસ્વાતિનો કાલ લગભગ પ્રથમ શતાબ્દિનો નિશ્ચિત થયો છે, અતઃ ભાષાના આધારે એ અનુમાન કરવામાં આવે છે કે સિદ્ધસેન દિવાકરનો કાળ ત્રીજી અને પાંચમી શતાબ્દિની મધ્યનો હશે.

ભાષાની કિલષ્ટતા અને દુરુહતાના વિકાસમાં ભાષાવિકાસની સ્વાભાવિકતાના અતિરિક્ત અન્ય કારણોમાંથી એક કારણ એ પણ છે કે જેટલી અધિક કિલષ્ટ, પરમાર્જિત અને ઘણા અર્થ ગાંભીર્યમય ભાષા લખે છે તે તેટલો જ અધિક વિદ્વાન્ સમજવામાં આવે છે. સંસ્કૃત ભાષાના ક્રમિક વિકાસના અધ્યયનથી માલૂમ પડે છે કે બીજી શતાબ્દિથી જ સંસ્કૃત ભાષાના વિકાસમાં ઉપર્યુક્ત સિદ્ધાંત-કાર્ય કરતો હતો અને એ કારણે સંસ્કૃત ભાષાની જટિલતા દિનપ્રતિદિન વધતી જ ચાલી.

સૂક્ષ્મ દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો કાલિદાસની ભાષામાં અને સિદ્ધસેન દિવાકરની ભાષામાં કંઇ કંઇ સામ્યતા પ્રતીત થશે, અતઃ તેમનો કાળ ત્રીજીથી પાંચમી મધ્યનો પ્રતીત થાય છે.

સમ્મતિ તર્ક ઉપર સૌથી મોટી ટીકા પ્રદ્યુમ્નસૂરિના શિષ્ય અભયદેવસૂરિની મળી આવે છે. તેમનો કાળ દશમી શતાબ્દિનો ઉત્તરાર્ધ અને અગીયારમીનો પૂર્વાર્ધ માનવામાં આવે છે. તેઓ 'ન્યાયવનસિંહ' અને 'તર્કપંચાનન'ની ઉપાધિથી વિખ્યાત હતા. એ ટીકા પચ્ચીસ હજાર શ્લોકપ્રમાણ કહેવામાં આવે છે. આ ટીકા ગ્રંથ ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદથી પ્રકાશિત થઇ ચૂકયો છે.તેનું સંપાદન પં. સુખલાલજી અને પં.બેચરદાસજીએ ઘોર પરિશ્રમ ઉઠાવી કર્યું છે.

'સમ્મતિ તર્ક' પર બીજી વૃત્તિ આચાર્ય મલ્લવાદીની કહેવામાં આવે છે, જેની શ્લોકસંખ્યા ૭૦૦ પ્રમાણ હતી એવો ઉલ્લેખ બૃહટ્ટિપણિકા નામની પ્રાચીન જૈન ગ્રંથસૂચિમાં મળી આવે છે. વર્તમાનમાં આ વૃત્તિ અલભ્ય છે. આચાર્ય મલ્લવાદીએ આ વૃત્તિ લખી હતી એવો ઉલ્લેખ મહાન્ પ્રભાવક આચાર્ય હરિભદ્રસૂરિએ પોતાના 'અનેકાંતજયપતાકા'માં અને ઉપાધ્યાય યશોવિજયજીએ પોતાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'અષ્ટ–સહસ્રી ટીકા' માં પણ કર્યો છે. સમ્મતિ તર્ક ઉપર આ બેઉ ટીકાઓની અતિરિક્ત એક ત્રીજી વૃત્તિનો પણ ઉલ્લેખ મળી આવે છે અને એ ઉલ્લેખ પણ 'બૃહટ્ટિપ્પણિકા' નામની પ્રાચીન જૈન ગ્રંથસૂચિમાં **'सम्मतिवृत्तिरन्यकर्तृका'** માત્ર જ મળી આવે છે. આ સિવાય આ સંબંધમાં કંઇ પણ વિશેષ નથી કહેવામાં આવ્યું.*

ન્યાયાવતાર ઉપર બે વૃત્તિઓ મળી આવે છે. એક તો અસાધારણ પ્રતિભાસંપન્ન આચાર્ય હરિભદ્રસૂરિની છે. એ **'याकिनीमहत्तरासूनु'**ના નામે પ્રસિદ્ધ છે. તેમનો કાળ પ્રસિદ્ધ પુરાતત્ત્વજ્ઞ શ્રી જિનવિજયજીએ ૭૫૫ થી ૮૨૭ વિક્રમ સુધીનો નિર્ણીત કર્યો છે, જે સર્વમાન્ય થઇ ચૂક્યો છે. કહેવાય છે કે તેમણે ૧૪૪૪ ગ્રંથની રચના કરી હતી. આ વૃત્તિ ૨૦૭૩ શ્લોકપ્રમાણ કહેવાય છે. તેની હસ્તલિખિત બે પ્રતો ઉપલબ્ધ છે જે પાર્શ્વનાથ ભંડાર પાટણ અને લીંડી પોશાળના ઉપાશ્રય ભંડારમાં સુરક્ષિત છે એવું શ્વેતાંબર કૉન્ફરન્સદ્વારા પ્રકાશિત 'જૈન ગ્રંથાવલી'થી જણાય છે.

ન્યાયાવતાર પર બીજી વૃત્તિનો ઉલ્લેખ 'બૃહટ્ટિપણિકા' નામક પ્રાચીન જૈન ગ્રંથસૂચિમાંથી મળી આવે છે. તે ટીકા કેટલી શ્લોકસંખ્યા પ્રમાણવાળી હતી તેનો કોઇ ઉલ્લેખ નથી. તેના રચયિતાનું નામ 'સિદ્ધવ્યાખ્યાનિક' લખ્યું છે. જૈન ગ્રંથાવલિના સંગ્રહકારનું અનુમાન છે કે એ સિદ્ધવ્યાખ્યાનિક મુનિરાજ સિદ્ધર્ષિ જ છે, જેમણે 'ઉપમિતિભવપ્રપંચા' જેવો અદ્વિતીય રૂપક ગ્રંથ લખ્યો છે અને ઉપદેશમાળા પર સુંદર ટીકા લખી છે. બારમી શતાબ્દિમાં થયેલ રત્નાકરાવતારિકા નામક ન્યાયશાસ્ત્રની કાદંબરીરૂપ ગ્રંથના લેખક રત્નપ્રભસૂરિએ સિદ્ધર્ષિને 'વ્યાખ્યાતૃચૂડામણિ'નું વિશેષણ લગાવ્યું છે. આ વૃત્તિ અલભ્ય છે. સિદ્ધર્ષિનો કાળ વિક્રમ ૯૬૨ માનવામાં આવે છે.

ન્યાયાવતાર ઉપર દેવભદ્ર મલધારિકૃત એક ટિપ્પણ પણ મળી આવે છે. એ ૯૫૩ શ્લોકપ્રમાણ કહેવાય છે. સાંભળવામાં પણ આવ્યું છે કે તે પાટણના ભંડારોમાં છે. દેવભદ્ર મલધારીની તેરમી શતાબ્દિ કહેવાય છે. તેમણે તેમના ગુરુશ્રી ચંદ્રસૂરિકૃત 'લઘુસંગ્રહણી' પર પણ ટીકા લખી છે.

સિદ્ધસેન દિવાકરની ઉપર લિખિત કૃતિઓ સિવાય બીજી પણ કૃતિઓ હતી કે નહિ એ સંબંધમાં કંઇ નથી કહી શકાતું, કારણ કે તેમના દ્વારા રચિત અન્ય કૃતિઓનો બીજે ક્યાંય પણ કોઇ ઉલ્લેખ મળી આવતો નથી. જો લખી હશે તો પણ તે નષ્ટ થઇ ગઇ હશે કે ક્યાંય અજ્ઞાતસ્થાનમાં નષ્ટપ્રાયઃ અવસ્થામાં પડી હશે.

**જૈન** સાહિત્યની વિપુલતાનો જો હિસાબ કરવામાં આવે તો એમ કહી શકાય કે તેની વિસ્તૃતતા અબજો અને ખર્વો શ્લોકપ્રમાણ જેટલી હતી. આજ પણ કરોડોશ્લોક પ્રમાણ જેટલું સાહિત્ય તો ઉપલબ્ધ છે. જો આ અનુમાન સત્ય હોય તો આજ પણ દિગંબર અને શ્વેતાંબર ગ્રંથોની સંખ્યા મૂળ, ટીકા, ટિપ્પણી, ભાષ્ય અને વ્યાખ્યા આદિ સર્વ પ્રકારના ગ્રંથોની સંખ્યા મળીને ઓછામાં ઓછી વીશ હજાર અવશ્ય હશે. તેમાંથી વધારેમાં વધારે બે હજાર ગ્રંથ છપાઇને પ્રકાશિત થયા હશે. શેષ અપ્રકાશિત અવસ્થામાં જ મૃત્યુપ્રાયઃ છે. **જૈન** સમાજનું એ સર્વથી પ્રથમ કર્તવ્ય છે કે તે મૂર્તિ, મંદિર, તીર્થયાત્રા અને ગજરથ આદિમાંથી ખર્ચ ઓછું કરીને આ જ્ઞાનરાશિરૂપ સાહિત્યની રક્ષા કરે.

**જૈન** સાહિત્યમાં 'ભાષાઓનો ઇતિહાસ' 'લિપિનો

*તે ટિપ્પણિકાનો આ ઉલ્લેખ '**સમ્મતિવિવરણ**' નામની દિગંબર ટીકા સાથે સંબંધ રાખતો માલૂમ પડે છે જેથી આચાર્ય 'સન્મતિ'એ લખ્યું છે અને પાર્શ્વનાથ ચરિતમાં વાદિરાજસૂરિના નિમ્ન વાક્યથી પણ તે જણાઈ આવે છે.

**नमः सन्मतये तस्मै भवकूपनिपातिनाम् ।**
**सन्मतेर्विवृतयेन सुखधामप्रवेशिनी ॥ १२ ॥**

પંડિત શ્રી સુખલાલજી અને બેચરદાસજીએ પણ સન્મતિ તર્કની પ્રસ્તાવનામાં આ વાતનો સ્વીકાર કર્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇતિહાસ' 'ભારતીય સાહિત્યનો ઇતિહાસ' 'ભારતીય દાર્શનિક અને ધાર્મિક ઇતિહાસ' 'ભારતીય સંસ્કૃતિનો ઇતિહાસ' અને 'ભારતીય રાજનૈતિક ઇતિહાસ' આદિ અનેક પ્રકારના ઇતિહાસોની સામગ્રી ભરી છે. આ અપેક્ષાએ અનેક ભારતીય અને પાશ્ચાત્ય વિદ્વાન્ જૈન સાહિત્યને બહુ જ આદરની દૃષ્ટિએ જુએ છે અને વાંચે છે. સત્યકેતુ વિદ્યાલંકારના શબ્દોમાં કહીએ તો 'ઐતિહાસિક વિદ્વાનોએ જૈન દર્શન અને જૈન સાહિત્ય પ્રતિ તેના અનુરૂપ ન તો આદર પ્રદર્શિત કર્યો અને ન તે તેના ગ્રંથોનું ગંભીર અધ્યયન અને મનન કર્યું. આમાં જૈન સમાજનો પણ કંઇ ઓછો દોષ નથી. તેણે પોતાના સાહિત્યનું ન તો વિપુલ માત્રામાં પ્રકાશન કર્યું અને ન તો પ્રચાર કર્યો. આ સમાજની સૌથી મોટી ભૂલ છે. જૈન સમાજ આ અમૂલ્ય સાહિત્ય પ્રકાશન કરવા અને તેની રક્ષા કરવા ધ્યાન આપશે ?

કિંવદંતીમાં એક ઉલ્લેખ આવ્યો છે કે 'કલ્યાણમંદિર સ્તોત્ર' સિદ્ધસેન દિવાકરની જ કૃતિ છે. આ કથન 'પ્રભાવકચરિત્ર' નામક ગ્રંથમાં મળી આવે છે. કલ્યાણમંદિરના અંતિમ શ્લોકમાં કર્તારૂપે 'કુમુદચંદ્ર' નામ છે. પ્રભાવક ચરિત્રમાં એમ બતાવે છે કે તેમના ગુરુ વૃદ્ધવાદીસૂરિએ તેમને દીક્ષા દેતા સમયે તેમનું નામ 'કુમુદચંદ્ર' રાખ્યું હતું. આ વાતમાં શું સત્ય છે? અને એ પ્રકારે 'કલ્યાણમંદિર' સ્તોત્ર તેમની કૃતિ છે કે નહિ, એ પણ એક વિચારણીય પ્રશ્ન છે.

અંતમાં સારાંશ એ છે કે શ્વેતાંબર જૈન ન્યાયના આદિ આચાર્ય મહાકવિ અને મહાવાદી સિદ્ધસેન દિવાકર જૈન ધર્મ અને જૈન સાહિત્યના પ્રતિષ્ઠાપક, શ્રેષ્ઠ સંરક્ષક, દૂરદર્શી, પ્રભાવક અને પ્રતિભાસંપન્ન સમર્થ આચાર્ય હતા.

'આચાર્ય સિદ્ધસેન અને તેમની કૃતિઓ' એ શીર્ષકના રૂપમાં આચાર્યમહોદયનું શોધપૂર્ણ જીવન, સમ્મતિતર્ક, ન્યાયાવતાર અને અન્ય ઉપલબ્ધ બત્રીસીઓના મૂળ પાઠ તેના વિસ્તૃત હિંદી ભાષ્ય સહિત વર્તમાન પદ્ધતિએ સંપાદન કરીને એકત્ર પ્રકાશિત કરવામાં આવે તો વીસમી શતાબ્દિનો જૈન સાહિત્યમાં એક ગૌરવપૂર્ણ ગ્રંથ તૈયાર થઇ શકે.

'ઉદ્ધરિત અનેકાંત'

## મોક્ષપ્રાપ્તિ કેમ થાય ?

ક્રોધ–માન–માયા–લોભરૂપી કષાયો અને સ્પર્શાદિ ઇંદ્રિયોથી જીતાયેલો આ આત્મા જ સંસાર છે, અને તે બધાને જીતનાર આત્મા જ મોક્ષ છે.

ઇંદ્રિયોથી જીતાયેલો પ્રાણી જ કષાયોવડે અભિભૂત થઇ શકે છે. પહેલાં શક્તિશાળી માણસે એક ઇંટ ખેંચી કાઢી હોય, તો બાકીની દિવાલ ગમે તે માણસ તોડી શકે છે.

નહિ જીતાયેલી ઇંદ્રિયો મનુષ્યના કુલનો ઘાત કરાવે છે, તેનું અધઃપતન કરાવે છે, તેમજ વધ–બંધન કરાવે છે.

મનનો રોધ કર્યા વિના જે યોગ સાધવાની ઇચ્છા કરે છે તે પગવડે ચાલીને પરગામ જવા ઇચ્છનારા પાંગળા જેવો હાસ્યાસ્પદ બને છે.

—યોગશાસ્ત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખક—મુનિશ્રી હંસસાગરજી મહારાજ

# પ્રભુ મહાવીરે

## મોહમસ્ત જગતને ત્યાગધર્મ જ કેમ આપ્યો ?

[ એક ધર્માત્માની કરુણ કથા ]

( ગતાંક પૃષ્ઠ ૨૫૬ થી શરૂ )

### આડંબરો સ્વપરહિતને હણીને આત્માનું અધઃપતન કરે છે

આળે બાઝેલો એ આડંબર હીણતર સંયોગોમાં ય આદમીને ‘ સર્પે છછૂંદર ગળ્યા જેવી’ હાલતમાં મૂકે છે. એવાએ બાંધેલું ઘર ઘોર કેમ ન બને ? એથી ઉપકારી માતપિતાનાં પણ મુખ એને દીઠાં ય ન ગમે એમાં આશ્ચર્ય શું ? દંપતીનો પણ નિત્ય દંત-કલહ કઈ રીતે શમે? પરિણામે એ ઉભય અને ક્વચિત્ ઉભય પક્ષો પણ કુલ, જાતિ અને ધર્મના પણ વિદ્રોહી બની ભારોભાર અધર્મ સ્વરૂપ વર્ણશંકર પ્રજોત્પાદક પુનર્લગ્નાદિની પણ પાપેચ્છાથી શ્યે વિરમે? એમાં રહેલા જાનજોખમી હાલાહલોને ય એ શું કામ સાંભળે ? એને એ જ ઈષ્ટ બને ત્યારે એની ભારી અનિષ્ટતા સમજાવનાર શાસ્ત્રસિધ્ધાંતો પણ એને ભાલાવત્ કેમ ન ભોંકાય ? એથી એ આપ્તપુરુષોનો જ પ્રખર વિરોધી કેમ ન બને ? કઇ સ્થિતિનો આત્મા કઈ હદે પહોંચે છે ! છે કાંઇ અધઃપતનની ખામી ! એવાને અકરણીય શું હોય ? નોકરપણેય માલીકનો ગલ્લો આદિ એવાને હાથે અવિચ્છિન્ન રહે એ માનવાની ભયંકર ભૂલ કોણ કરે ? પરણ્યા પૂર્વે પાગલતાવશ પહોળા પડી પાનેતરેય પચાસનું પટકનાર પામર પ્રાણીઓ પરણ્યા પછી પન્નારે પડેલી પાંગળીનું બીજું પણ પાનેતર પાંચમાં પાછું પહોંચાડવાના પરિણામથી પાછો પડે એ કોણ માને ? આવાં અનેક હીનકૃત્યોને લીધે એની પૂર્વકાલીન કુલીનતાએ તો અનેરી જ દિશા સાધી હોય એ નિર્વિવાદ છે. આથી ઈજ્જતની નવી જ ઇમારતો ઊભી કરવા કપોલકલ્પિત ન્યાય, નીતિ અને ધર્મ ખડાં કરીને તેનાવડે જનસમાજમાં પોતાને જ સર્વશ્રેષ્ઠ ન્યાય, નીતિ અને ધર્મજ્ઞ મનાવવા ધમપછાડા કરવા પડે છે, પોતાને સાંભળનારની મંડળીઓ સ્થાપવી પડે છે, અને એ હાજીઆની સભાઓ પણ ભરીને તે મારફત સ્વકલ્પનાના સ્વચ્છંદી ઘોડાઓને, સમાજ ખૂંદવા માટે “સમાજના આપ્તપ્રણીત આદર્શ ન્યાય, નીતિ અને ધર્મને રૂઢીચૂસ્તોના સડા તરીકે જાહેર કરી” છૂટા મૂકે છે ! એ રીતે અઘોર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાપબંધનથી ય ખચકાવાનું એને લેશ માત્ર પાલવતું નથી. કેટલું ગબડ્યો? છે કાંઇ હિસાબ! અરે એ પાપ-પ્રચાર માટે જ કોર્ટની પણ દેવડીએ ચડીને છાશવારે ને છાશવારે ગુલબંગ પોકારતા એવાઓ આજે પણ અનુભવાય છે! એમાં પણ ભોળાંને સહેલાઇથી ભરમાવવાનું તો દેશકાળાદિનાં ઓઠાં તળે જ શકય હોવાથી એને બ્હાને ધર્મ અને ધર્માનુષ્ઠાનાદિના જ કર્ત્તા અને ઉપદિષ્ટાને બોજારૂપ જ જાહેર કરીને, એમનાં અછતાં દૂષણો સમાજ સામે ધરીને એ ઉપકારીઓ સામે કારમાં બંડ જગાવે છે. કેટલી અધોદશા! એમ કરવાનું ખાસ કારણ તો એ જ છે કે સમાજ હિતરક્ષણાર્થે એ ઉપકારીઓ જ એના મહા-અનર્થકારી સ્વચ્છંદાચારી વિચારોને નીડરતાથી સ્પષ્ટતયા ઉઘાડાં પાડીને એના એ તોફાની ઘોડાઓને ડગલું ય દોડવા દેતા નથી; અને તેથી તો એ પુણ્ય પુરુષો એને શલ્યરૂપ સાલે છે. આથી પ્રથમ પદે સમાજમાંથી આપ્તપુરુષોનાં જ બહુમાન પૂજાદિ ઉખેડી નાંખવાનું અધમ પગલું ભરવાની એને જરૂરીઆત રહે છે. સુજ્ઞ મહાશય, આટલી અધમતાએ પહોંચવાનું મૂળ નિદાન ખોટા આડંબરો જ છે એ ધ્યાન ઉપર લાવવા જ આ પ્રયાસ છે એ ભૂલવું જોઈતું નથી. આડંબરોએ કેટલો અનર્થ કર્યો? છે કાંઈ સીમા? વિદેશ સેવવા છતાં ય કમનશીબે દીન રહેલા અજ્ઞને પૂર્વની કુલીનતાદિની છાપ બેસાડવા જતાં ઉપર્યુક્ત બદસ્થિતિમાં મૂકાવું પડે છે તો દેશ તજીને વિદેશ વસતાં સ્થિતિસંપન્ન અજ્ઞોએ તો એ માટે કેટલી પહોળાપહોળમાંથી પસાર થવું પડે? દીન અજ્ઞ પણ સ્વપરને આટલો અનર્થદાયી બની આટલું અધઃપતન પામે, તો શ્રીમંત અજ્ઞ કયાં જઈ અટકે?

## ધર્માદિ પછી ધર્મીષ્ઠ દાનવીરોને હેલવાનું બીજું પગલું પણ ભરે છે

પાંચશેંની આવકવાળો પણ મનુષ્ય મહિને પ્રાયઃ સોનો દેવાદાર કેમ દેખાય છે? એ પણ ઉપરની બીનાથી સ્પષ્ટ સમજાય છે. સુજ્ઞેષુ કિં બહુના? અનુક્રમે એવાઓ પ્રાયઃ પૈસાને જ પરમેશ્વર ગણીને જાતિ, કુળ, શીલ અને ગુણના સમૂહથી જ ઉભગી જઇ સામાન્ય ન્યાય–નીતિથી પરાઙ્મુખ બન્ય હોય છે તેમાં આશ્ચર્ય કોને થાય? એવાની મનોભાવનાને માટે સ્પષ્ટ કહ્યું છે કે–

**जातिर्यातु रसातलं गुणगणस्तस्याप्यधो गच्छताम्**
**शीलं शैलतटात्पतत्वभिजनः संदह्यतां वह्निना ॥**
**शौर्ये वैरिणि वज्रमाशु निपतत्वर्थोऽस्तु नः केवलम्**
**येनैकेन विना गुणास्तृणलवप्रायाः समस्ता इमे ॥२४**

**અર્થ**:–" જાતિ રસાતલમાં જાવ, ગુણનો સમૂહ તેનાથી પણ નીચે જાવ, શીલ છે તે પર્વતના શિખર પરથી નીચે પટકાવ, કુળ, કુટુંબ કે કીર્તિ અગ્નિવડે સળગી જાવ, વરી એવા પરાક્રમને વિષે વજ્ર પડો, અમારે તો કેવળ પૈસો જ જોઇએ; કારણ કે એક ફક્ત પૈસા વિના જ ઉપર્યુક્ત સઘળા ય ગુણો પ્રાયઃ ઘાસના તણખલાં સમાન છે." આવી જ એણે માન્યતા ઘડી હોય છે. એથી જ એવા ધનાર્થીઓ અધર્મના આગાર બન્યા હોવાની વાત દિલમાં જ શમાવીને, પોતાની કપરી બેકારીનો અન્ત આણી, ધનાઢ્ય બનવા જન યા સમાજ સેવાને બ્હાને સફેદ લેબાશમાં દયાના પણ પબ્લીક પયગંબર બને છે. તે પ્રતિ દાનવીરોને હાથ લંબાવવા વાણીનું યથેચ્છ પણ તાંડવ કરીને ગરીબોને નામે જ ખીસા ભરવા તનતોડ પ્રયાસ કરે છે. મેળવેલ નાણાંની વ્યવસ્થાનો ખુલાસો માગનાર પાસે એવાઓને લોચા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાળતા આજે પણ અનુભવાય છે એ જ ઉપર્યુક્ત બીનાને દૃઢ કરે છે. એ રીતિએ દાનવીરો પણ એને અનેક વખત ઓળખી જ ગયલાં હોવાથી એનામાં વિશ્વાસ સ્થાપતા ખંચકાય છે. એમ થતાં એમની એ બદદાનતમાં પણ એ પ્રાયઃ નિષ્ફળ જતા હોવાથી તેમાં પણ ખૂબ હતાશ થાય છે. અન્તે રોષે ભરાઇને એ જ દાનવીરો પ્રતિ લેણદારની માફક શિરજોરીપણે લાલ પીળા બની ધૂળ પણ ઉરાડે છે. વસ્તુસ્થિતિ આવી હોવા છતાં " આ તો ગરીબોને માટે મહેનત ઉઠાવે છે; એને કાંઈ છે ?" એમ સમજનાર ભદ્રિકો તરફથી એના એ કપરા છંછેડાટમાં પણ સાથ મળી જાય છે. આથી તો એ બ્હાવરા બનીને દાનવીરોને યેન કેન પ્રકારેણ ભાંડવાની પણ કુચેષ્ટાઓ આદરે છે. એથી તો એવા કહે ત્યાં કોડી પણ ન ખર્ચવાના નિરધાર ઉપર આવેલા દાનવીરો પોતાના ન્યાયોપાર્જિત વિત્તને આપ્તોપદિષ્ટિતકલ્યાણાર્થે જ યોજવા સુદૃઢ બને છે. કુપંથ સ્થાપવા સત્પંથને જ ઉખેડી સજ્જનોને ય હીલવા જતાં એ રીતે સન્માર્ગ તો સતત પોષાવાને લીધે એનાં દિલદર્દો અભિવૃદ્ધિ પામે છે. આવાને શાન્તિ શે થાય ? ખરેખર ' વટલેલ બ્રાહ્મણી તરકડીમાંથી જાય ' એ ન્યાયે શિખરની ટોચેથી ગબડીને ઠેઠ તળીએ જ જાય તે કેટલી અધોગામિતા ? આડંબરમાં અટવાયા ન હોત તો આ દશા થાત ? આમ છતાં ય નહિં વિરમતા તેવાઓ સન્માર્ગ અને પોષકોને ઉખેડી જ નાખવા ખૂબ જોર કરવા માંડે છે. જ્યારે બીજી બાજુ સન્માર્ગસંરક્ષકો ધર્માનુષ્ઠાનોમાં દુષમ કાળે પણ વધુ ને વધુ લાખોનો સદ્‌વ્યય કરતા અનુભવાય છે. એ રીતે પણ પુણ્યવાનો સન્માર્ગનું જ સંરક્ષણ કરવા સુસજ્જ થએલા એને દેખાય છે. તેથી તો દિગ્મૂઢ બની બેસે છે. તુચ્છ સ્વાર્થ ખાતર સદ્‌ગતિ ઉપાર્જવાના શુભ માર્ગોને ય રૂંધવાની કુચેષ્ટા કરનારની એ સિવાય કઈ દશા હોય ? એની એ દશા જોઇને ય ધર્મીષ્ઠોનાં તો દિલ દુભાય જ છે, એમ છતાં એનો ઉપકાર કેમ થાય ? કારણ કે એ તો પુણ્યવાનોની પુણ્યપ્રણાલિકાને સ્વકપોલકલ્પિત પાપ પ્રણાલિકામાં જ વાળવા ઉધમાત કરે છે. કેટલી અવદશા ! અજ્ઞાત્માએ દેશબંધુઓનો સાથ તજતાં ગુમાવેલ વડિલોપાર્જિત ઈજ્જતરૂપ વારસો પાછો મેળવવા, અને એ ન પ્રાપ્ત થયે નવી જ ઈજ્જત જમાવવાના ડોળમાં એવાઓએ ખોટા આડંબરવશ કેટલું ખોયું ? વડિલોપાર્જિત વારસાની કિંમત કેટલી એ હવે જ સમજાશે.

## સ્વદેશે અજ્ઞોને પણ વડીલોપાર્જિત વારસાના મળતા લાભો

'પૃથ્વીનો છેડો ઘરે છે' કારણ કે મનુષ્ય ખૂબ કમાતો છતાં દેશાન્તરમાં જે શાન્તિ ન પામે તે શાન્તિ પ્યારી જન્મભૂમિએ આવીને પામે છે. અજ્ઞને પણ દેશે વસતાં એવી માતૃભૂમિને નીરંતર ભેટવાનું ભાગ્ય સાંપડે છે. ચ્હાય તેવી હાલતમાં પણ મૂળ માનભેર જીવી શકે છે. ઈજ્જત ઉપર પણ નાણાં મેળવીને નિર્ધનાવસ્થામાં ય આબાદ વ્યવહાર સાચવી શકે છે. સ્વજન કુટુંબીઓના નિકટ સંબંધમાં નીરંતર લેટે છે. વારસાના અમૂલ્ય કુળાચાર, દેશાચાર અને ધર્માચારને અખંડ જાળવી રાખે છે. ચ્હાય તેટલા ઓછા ખર્ચે આનંદભેર નિર્વહી શકે છે. વડિલ આજ્ઞાઓને જ પરમહિત સમજવાને લીધે ઉપર્યુક્ત ભાવિ આપત્તિઓના ઢેરનો ભોગ બનતો તો અટકી જ જાય છે. વડીલોપાર્જિત કારકિર્દીને સદાને માટે વિના પ્રયાસે જ નિષ્કલંક ટકાવવાનું ભાગ્ય સંપાદન કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાન કુળશીલા સ્ત્રી પામે છે અને તે પણ કવચિત્ કંકુ કન્યા તરીકે પામે છે. દંપતી ધર્મ 'નબળા સંયોગમાંય એકના દુઃખે ઉભયને દુઃખરૂપ' નિખાલસ વૃત્તિથી નિર્વહવાનું ભાગ્ય પ્રાપ્ત કરે છે. તેવા પણ સમયે બાળબચ્ચાં પૂરતે ( વિના પૈસે ) વરાવી શકે છે. નિત્ય સહવાસના કારણે સ્ત્રી આદિનો પ્રેમ સ્વાધીન રાખે છે. જીવન એકધારું જીવે છે. મળ્યામાં જ કે મળતામાં જ સંતોષ માની શાન્તિપૂર્વક ખાઈ પીવે છે. નિશ્ચિંત જીવનના પ્રતાપે નીરાંતે નિદ્રા લે છે. એવી ઉપાધિના અભાવમાં ધર્મકર્માદિમાં પણ નિત્ય અને નિયમિત જોડાઈ રહી આત્મકલ્યાણ પણ સહેલાઈથી અને સહજભાવે કરી શકે છે. આરોગ્યતા તો પ્રાયઃ એને વરેલી જ હોય છે; કારણ કે કહ્યું છે કે 'ઓકી દાતણ જે કરે, રોઢી ઢેબર ખાય; ભોંય પથારી જે કરે, તે ઘર વૈદ ન જાય.' એ તો સ્વદેશે નબળા સંયોગોમાં પણ એને પ્રાપ્ત જ છે. રોગ રહિત સંતતિ પામે છે. તીર્થસ્વરૂપ માતપિતાનાં ભારી ઋણમાંથી મુક્ત થવા એમની અત્રુટ સેવા પામી શકે છે. ટુકડામાંથી ટુકડો પણ આપવાની જ વારસાવૃત્તિને વળગી રહી કલ્યાણકર દાનવૃત્તિને આજીવંત ટકાવીને વારસદારોને પણ આપવા ભાગ્યવાન બને છે. ઈત્યાદિ રીતે સમસ્ત જિંદગીની ઉજ્જવળ કારકિર્દીનાં અત્રુટ મૂલ્યાંકન જગતને કરાવીને એ બીનખર્ચાળ અખૂટ ખજાનો સંતતિને પણ વારસામાં આપી શકે છે. અકાળ હુમલો કરતા ક્રૂર મૃત્યુને અનેક કુછંદોના અભાવે ખચિત રોકે છે. ભયંકર આતંકાદિથી પીડિતાવસ્થામાં નિશદિન ચોતરફ વીંટળાયલા સ્વજનકુટુંબના ચિંતાતુર ચહેરે અને ટગર ટગર ટાંકી રાખેલી સ્નેહાળ દૃષ્ટિએ મધુરી ચાકરી પામે છે. અને એથી જ અન્તાવસ્થાએ પણ નીકટ સંબંધીઓને પાછળના સર્વસ્વની ભલામણ કરી નિશ્ચિત બનવાને પરિણામે પંડિત મરણ પામવા ભાગ્યવાન બને છે. દેશબંધુઓના નિત્ય સહવાસે આવા તો અનેક લાભો છે, અને એ દરેક લાભો દેશવાસી અજ્ઞને પણ સહજ મળતા હોવાથી ઘણે ભાગે અજ્ઞો મુશીબતમાંય દેશ તજતાં પહેલાં ખૂબ મુંઝાય છે. આથી જ જ્યારે સુજ્ઞ આત્માઓ દેશ તજવાના સંયોગમાં મૂકાય ત્યારે પણ દેશબંધુના નીકટ સંસર્ગ અને અંગત કાર્યોથી પ્રાયઃ અલગ ન જ થવાનું એની છાતીમાં નોંધી રાખે છે. અને તેથી જ તેઓને કાંઈ પણ કામ પડયે પરદેશથી ય આવીને હાથમાં હાથ અને હૈયાં મીલાવીને પણ તેઓનાં દરેક કાર્યો અગ્રગણ્યપણે ઉપાડી લે છે. એ રીતે કુલાચાર તેમ દેશાચાર અને ધર્માચારને પણ પૂર્વવત્ ભારોભાર આદરતો રહીને વડિલોપાર્જિત અમૂલ્ય કુલીનતાદિ ઈજ્જતરૂપ વારસાને દૂર રહેતો સતો પણ દેશબંધુઓના દિલમાં ચિરસ્થાયી જ બનાવે છે. પરિણામે પરદેશ વસતો સતો પણ સુજ્ઞ સ્વદેશના સર્વ લાભો હસ્તગત કરે છે. આ રીતે દેશ તજ્યા પછી પણ સુજ્ઞાત્મા વડીલોપાર્જિત સુસંસ્કારવાસિત જ રહેલો હોવાથી દેશબન્ધુઓ પણ એને લેશમાત્ર ભેદભાવ વિના પૂર્વવત્ નિકટ સંબંધી જ લેખે તેમાં આશ્ચર્ય પણ શું ? અરે નિકટ સંબંધી જ લેખે છે એટલું જ નહિં પરન્તુ હરકોઈ કામમાં એને જ પૂછીને પગલું ભરે એટલા એ એની પાસે સરલ અને સ્હેલા બને છે. એને જ ચ્હાય છે અને આગળ કરે છે. કહ્યું છે કે–

**कान्तारे व्यसने विवादकलहे सुखे दुःखे सङ्ग्रामे**
**यात्रायां व्यवहारकर्मणि कुलाचारे विवाहक्रमे ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**अन्यत्रापि शुभाशुभेषु विधिषु प्रायः सहायः सदा यस्तस्मै निजबन्धवे स्पृहयति स्वैरं न किं बान्धवाः? ॥ २१ ॥**

**અર્થ:**- ભયંકર જંગલમાં, સંકટમાં, વિવાદમાં, પરની સાથેના કલહ પ્રસંગે, સુખમાં, દુઃખમાં, લડાઈમાં, યાત્રામાં, વ્યવહારકાર્યોમાં વિવાહક્રમમાં અને બીજાં પણ શુભ કે અશુભ કાર્યોમાં જે બન્ધુ સદાય સહાયક છે, તેવા પોતાના બન્ધુને બાન્ધવો યથેચ્છ કેમ ન ઈચ્છે? વિદેશ વસનાર અજ્ઞ વિદ્યાવિહીન હોવાથી જેમ ઉપર્યુક્ત રીતે દેશબન્ધુથી અતડો પડી મોટી નુકશાની પામીને ભવ બગાડે છે, તેમ સુજ્ઞ વિદ્યાવાન્ હોવાથી જ વિદેશ વસવા છતાં દેશબન્ધુઓનો સાથ સાધવાને પરિણામે મોટા પણ લાભો ઉઠાવીને ભવ સુધારવાની શુભ સ્થિતિ સંપાદન કરે છે. એ સ્થિતિમાં એને વિદ્યા જ ટકાવનાર હોવાને લીધે તો ન્યાયશાસ્ત્રીઓએ **विद्या बन्धुजनो विदेशगमने** એ વાકયદ્વારા વિદેશગમન પ્રસંગે વિદ્યાને જ બન્ધુજન કહેલ છે.સુજ્ઞ મહાશય! વિદ્યાની મહત્તા કેટલી છે તે વિચારો.

## મુંબઈમાં જૈનાચાર્ય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની જયંતી પ્રસંગે ગવાયેલું ગાયન

જિનેશ્વરની ભક્તિ રંગે, આતમ રંગ્યો આતમરામે,
જૈન ધર્મની વિજય-પતાકા, ફરકાવી જગ આતમરામે.
અજ્ઞાન-તિમિર જનતાનું મીટાવી, જ્ઞાન-ભાસ્કર પ્રગટાવ્યો આપે,
દેહ નથી પણ કીર્તિ-દેહે, અમર રહ્યાં છો આતમરામે.
સંત-મહંતની જન્મભૂમિ, પંજાબ દેશમાં પ્રાણ પૂર્યાં,
જિનવાણીની અમૃતધારા, વરસાવી ત્યાં આતમરામે.
સર્વ-ધર્મ પરિષદની માંહી, જૈન ધર્મનો નાદ સુણાવ્યો,
દયાનંદ પરધર્મી સાથે, જ્ઞાન-સુદર્શન ધાર્યું આપે.
યુગ-પ્રભાવક વિજયાનંદની, કીર્તિગાથા ગાય સહુ,
વિશ્વપ્રેમ અંતર પ્રગટાવી, જ્ઞાન-સુધા વરસાવી આપે.
વર્ષો વીત્યાં સ્વર્ગવાસને ત્હોય ન કોઈ વીસરશે,
હિંદભૂમિમાં ક્યારે ફરીથી, આત્મારામ પ્રગટશે?

**શાંતિલાલ બી. શાહ**
**ખંભાતવાલા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[ અનુઃ અભ્યાસી B. A. ]

# જીવનનું રહસ્ય

( અનુસંધાન ગતાંક પૃષ્ઠ ૨૮૨ થી શરૂ )

આ પરમ સુખની પ્રાપ્તિ મનુષ્યયોનિમાં જ સંભવિત છે, બીજી કોઇ યોનિમાં નહિ; કેમકે બીજી સઘળી યોનિઓ તો ભોગયોનિઓ છે. મનુષ્ય જીવનમાં કરેલા શુભાશુભ કર્મોનું ફલ આપણે અન્ય યોનિઓમાં ભોગવીએ છીએ. કર્મ કરવાનો અધિકાર તો કેવળ મનુષ્યયોનિમાં છે. એટલા માટે એ કર્મયોનિ કહેવાય છે, અને તેથી એને સર્વ યોનિમાં શ્રેષ્ઠ કહેવામાં આવે છે. એટલા માટે જ ગોસ્વામી તુલસીદાસજીએ એને 'સાધન ધામ' અને 'મોક્ષનું દ્વાર' કહેલ છે. અને એટલા જ માટે દેવતાઓ પણ મનુષ્યયોનિમાં જન્મ લેવા માટે તલસે છે અને એટલા જ ખાતર મનુષ્ય દેહ ક્ષણભંગુર હોવા છતાં પણ દેવદુર્લભ કહેવાય છે. એવો દેવદુર્લભ દેહ આપણને પ્રભુ-કૃપાથી જ પ્રાપ્ત થાય છે. જ્યારે જીવાત્મા ચોરાશી લાખ યોનિમાં ભટકીને હેરાન થઇ જાય છે ત્યારે તેને પુણ્યોદયે મનુષ્યદેહ પ્રાપ્ત થાય છે.

આવું દેવદુર્લભ મનુષ્ય શરીર પ્રાપ્ત કરીને પણ જો આપણે જે કાર્ય માટે આ સંસારમાં આવ્યા છીએ તે કાર્ય ન કરીએ તો આપણાથી વધારે મૂર્ખ કોણ ગણાય ? શાસ્ત્રોએ તો એવા મનુષ્યને કૃતઘ્ની અને આત્મઘાતી કહેલ છે.

આ મનુષ્ય શરીર આપણને વારંવાર નથી મળવાનું. આવો દુર્લભ અવસર જો આપણે હાથથી ખોઇ નાખશું તો પછી પશ્ચાત્તાપ સિવાય કશું હાથમાં નથી રહેવાનું. મનુષ્યેતર પ્રાણીઓમાં તો સારા નરસાનું જ્ઞાન નથી હોતુ, કાર્યાકાર્યનું જ્ઞાન નથી હોતું તેમજ શાસ્ત્રાનુકૂળ આચરણ કરીને પરમ સુખ પ્રાપ્ત કરવાનાં સાધન પણ તેઓ બની શકતા નથી. આવી સ્થિતિમાં આ જીવનમાં જ આપણે પરમસુખ જલ્દીથી પ્રાપ્ત કરી લેવું જોઇએ અને એ માટે કોઇ પણ ઉપાય બાકી ન રાખવો જોઇએ. એમાં જ આપણી બુધ્ધિમત્તા રહેલી છે અને એમાં જ આપણા જીવનની સફલતા છે. જો જીવનમાં આપણે ખૂબ ભોગસામગ્રી પ્રાપ્ત કરીએ, ખૂબ માનસન્માન પ્રાપ્ત કરીએ, હજારો લાખો રૂપિયા, વિપુલ સંપત્તિ, હાથીઘોડા, નોકરચાકર તથા મોટા પરિવારનો સંગ્રહ કરીએ, પરંતુ જો જીવનનો વાસ્તવિક ઉદ્દેશ સિધ્ધ ન કરીએ તો આપણું કર્યું-કારવ્યું સઘળું વ્યર્થ જશે એટલું જ નહિ પણ એ સઘળું કરવામાં આપણે જે પાપાચરણ કર્યું હશે તેના ફળરૂપે આપણને નરકની પ્રાપ્તિ થશે અને આપણને નીચ યોનિઓમાં ધકેલવામાં આવશે. એથી ઊલટું જો આપણું જીવન લૌકિક દૃષ્ટિએ કષ્ટોમાં વીતાવ્યું હશે, આપણને માનસન્માન પ્રાપ્ત નહિ થયું હોય, એટલું જ નહિ પણ સ્થળે સ્થળે આપણી અવગણના કરવામાં આવી હશે, કોઇએ આદરસત્કાર નહિ કર્યો હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકાશથી જ થાય છે તેવી રીતે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ પણ જ્ઞાનરૂપી સૂર્યનો ઉદય કોઈએ આપણી ખબર-અંતર ન પૂછી હોય, તો પણ આપણે આપણા જીવનનો સદુપયોગ કર્યો હશે, જે કાર્ય માટે આપણે આવ્યા છીએ તે કાર્ય કર્યું હશે તો આપણે કૃતકૃત્ય થઈ જશું અને આપણું જીવન ધન્ય થઈ જશે.

હવે આપણે જોવાનું એ રહે છે કે દુઃખોની આત્યંતિક નિવૃત્તિ અને અવિનાશી સુખની પ્રાપ્તિનો ઉપાય શો છે? આપણે જોઈએ છીએ કે સૌ પ્રાણી સુખ ઇચ્છે છે, દુઃખ કોઈ પણ નથી ઇચ્છતું; પરંતુ સંસારમાં સુખ શોધ કરવાથી નથી મળતું. જ્યાં જોઈએ ત્યાં હાય હાય મચી રહેલ છે. સર્વ લોકો દુઃખ અને અશાંતિની જ્વાલાથી બળી રહેલ છે. કોઈ આપણી નજરે સુખી લાગે છે તો પણ તેઓ વધારે સુખ માટે તલસી રહેલ હોય છે, તેઓને પોતાની સ્થિતિથી સંતોષ નથી હોતો, બીજાને પોતાથી વધારે સુખી જોઈને તેઓ ઇર્ષ્યાથી બળતા હોય છે, જે કાંઈ માન, મર્યાદા તથા ધનસંપત્તિ તેઓને પ્રાપ્ત થયેલ હોય છે તેનો નાશ થઈ જવાનો ભય તેઓને હમેશાં લાગ્યા કરે છે, તેઓ જરા સરખી પ્રતિકૂલતા પણ સહન નથી કરતા. પ્રતિકૂળ આચરણ કરનાર પ્રત્યે તેમજ પોતાની ઇચ્છા પૂર્ણ કરવામાં હરકત કરનાર પ્રત્યે તેનો દ્વેષાગ્નિ સળગી ઊઠે છે, પ્રતિહિંસાનો ભાગ જાગે છે અને તેના બદલામાં બીજા પણ તેના પ્રત્યે એવા જ ભાવોનું પોષણ કરે છે. પરિણામે ચારે તરફ ભય, આશંકા, ઇર્ષ્યા, દ્વેષ અને કલહનું વાતાવરણ પ્રસરી રહે છે. અને એની અંદર સઘળા લોકો રાતદિવસ બળ્યા કરે છે, દુઃખી રહે છે, અશાંતિમય જીવન વ્યતીત કરે છે અને મરણ પછી નરકની અસહ્ય યંત્રણા ભોગવે છે. એટલા માટે જ જગતને દુઃખાલય-દુઃખોનું ઘર કહેવામાં આવેલ છે. સઘળા લોકો કંઈ ને કંઈ અભાવનો અનુભવે કરે છે અને અભાવ દુઃખનું કારણ છે. આવી સ્થિતિમાં આ દુઃખમય જગતથી વિમુખ બનીને, તેમાંથી સુખ પ્રાપ્ત કરવાની આશા છોડીને નિત્ય સુખના ભંડાર સુખસ્વરૂપ પરમાત્માનો આશ્રય ગ્રહણ કરવો, તેનું તત્ત્વ સમજીને તેની ભક્તિ કરવી, તેના નામનો જપ અને તેના સ્વરૂપનું ચિંતન કરવું, તેની આજ્ઞાઓનું પાલન કરવું તથા તેના વિધાનમાં સંતુષ્ટ રહેવું એ જ સદ્‌ગતી-મોક્ષ પ્રાપ્ત કરવાનો સહેલામાં સહેલો ઉપાય છે. અને તે વડે જ મનુષ્ય સઘળા પ્રકારના કલેશોથી મુક્ત બનીને પરમ સુખનો અધિકારી બની જાય છે-જે મેળવીને બીજું કશું મેળવવાનું બાકી નથી રહેતું, મનુષ્ય હમેશને માટે કૃતકૃત્ય થઈ જાય છે, દ્વન્દ્વોથી છૂટી જાય છે.

અહિંયા એ પ્રશ્ન થાય છે કે મનુષ્યને ચિંતા, શોક, ભય, દુઃખ વગેરે કેમ થાય છે? જો એમ કહેવામાં આવે કે પ્રારબ્ધ કર્મોના ફલસ્વરૂપે જ આપણને સુખ-દુઃખ વગેરેની પ્રાપ્તિ થાય છે તો એ શંકા થાય છે કે પ્રારબ્ધ ભોગ તો જીવન્મુક્ત થવાની તૈયારી હોય તેવા પુરુષોને પણ ભોગવી રહ્યા પછી મોક્ષ થાય છે. પ્રારબ્ધ ભોગ બાકી રહ્યા વગર તેઓનું શરીર નથી રહી શકતું. તેઓને શારીરિક કષ્ટ, રોગ, પીડા વગેરે પણ થાય છે, પણ તેઓને સુખદુઃખ, હર્ષશોક, વગેરે નથી રહેતો તેથી જ તેઓ જલ્દી મોક્ષ પામે છે. શ્રુતિ કહે છે કે '**हर्षशोकौ जहाति**,' '**तत्र को मोहः शोक एकत्वमनुपश्यतः**' વગેરે. ગીતામાં પણ કહ્યું છે કે-'**गतासूनगतासूंश्च नानुशोचन्ति पण्डिताः**' આવા પ્રકારના બીજા અનેક વચનો શાસ્ત્રોમાં છે, જેનાથી એટલું સિદ્ધ થાય છે કે જ્ઞાની મહાત્માઓને સુખદુઃખમાં હર્ષશોક થતો નથી હર્ષશોક તથા સુખદુઃખની ઘટનાનું નિમિત્ત પ્રાપ્ત થવા છતાં પણ તેઓના અંતકરણમાં હર્ષશોક આદિ વિકાર નથી થતા, તેઓની સ્થિતિ હમેશાં અવિચળ અને એકસરખી જ રહે છે. એ ઉપરથી એટલું સિદ્ધ થાય છે કે હર્ષશોક અને સુખદુઃખ વગેરે થવામાં માત્ર આપણું અજ્ઞાન જ હેતુ છે. અજ્ઞાનનો નાશ થતાં જ ચિંતા, શોક, ભય વગેરેનો પણ અત્યંતાભાવ થઈ જાય છે અને અજ્ઞાનનો નાશ થાય છે પરમાત્માના યથાર્થ જ્ઞાનથી. જેવી રીતે અંધકારનો નાશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થવાથી જ થાય છે. તેથી દુઃખ તેમજ શોકથી છૂટવા માટે મનુષ્યે પોતાનો સઘળો સમય પરમાત્માના તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિના સાધનમાં જ ગાળવો જોઇએ અને તે પ્રાપ્ત કર્યા પછી જ વિશ્રામ લેવો જોઇએ. પરમાત્માનું યથાર્થ જ્ઞાન વિવેક તેમજ વૈરાગ્યપૂર્વક સદ્ગુણ અને સદાચારના સેવનથી ( જેને ગીતામાં દૈવી સંપત્તિ કહેવામાં આવેલ છે) થાય છે અને દૈવી સંપતિની પ્રાપ્તિ ભગવાનની ભક્તિથી સુલભ થઇ જાય છે. આ રીતે ભગવાનની ભક્તિ જ તેનું તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાનું સર્વોપરી સાધન છે. તેથી દરેક મનુષ્યે શ્રદ્ધા તેમજ પ્રેમપૂર્વક ભગવદ્ભક્તિની ટેવ પાડવી જોઇએ

ભગવદ્ભક્તિમાં મનુષ્ય માત્રનો સમાન અધિકાર છે. માણુસ ગમે તે વર્ણનો હોય, ગમે તે જાતિનો હોય, ગમે તે સમાજનો કે અવસ્થાનો હોય પણુ ભગવાનની ભક્તિ કરવામાં કોઇ તેને રોકી શકે નહિ. ભક્તિમાં નથી વિદ્યાબુદ્ધિની જરૂર, નથી જ્ઞાનની જરૂર. મૂર્ખમાં મૂર્ખ મનુષ્ય અને પાપીમાં પાપી મનુષ્ય પણુ ભગવાનની ભક્તિ કરીને પરમ પવિત્ર બની શકે છે અને તેવી અને તેવી શ્રદ્ધા પૂર્વની ભક્તિથી તેને ઘણી જડપથી પરમાત્માપદની પ્રાપ્તિ થાય છે.

એટલું જ નહિ પણુ ભક્તિ કરનારના અજ્ઞાનરૂપી અંધકારનો સર્વથા નાશ કરે છે. પ્રકાશમય તત્ત્વજ્ઞાનરૂપી દીપકદ્વારા નષ્ટ કરી દઉં છું.'

ભગવાનનું ભજન અને ધ્યાન કરનાર મનુષ્ય તેથી પરમાનંદ તેમજ પરમ શાંતિ પ્રાપ્ત કરી લે એમાં આશ્ચર્ય શું ? પણુ ભગવાનના ઉપદેશેલા વચનાનુસાર ચાલનાર અતિશય મૂઢ પુરુષ પણુ દુઃખો મુક્ત થઇને પરમાત્માને પ્રાપ્ત કરે છે. ગીતામાં ભગવાન્ શ્રીકૃષ્ણુ પોતે કહે છે કે—

अन्ये त्वेवमजानन्तः श्रुत्वान्येभ्य उपासते ।
तेऽपि चातितरन्त्येव मृत्युं श्रुतिपरायणाः ॥

" પરંતુ એનાથી બીજા અર્થાત્ ધ્યાનયોગ, જ્ઞાનયોગ, કર્મયોગ, નહિ જાણુનાર જે મન્દબુદ્ધિ પુરુષો હોય છે તેઓ પોતે નહિ જાણુવા છતાં બીજા પાસેથી અર્થાત્ તત્ત્વવેત્તા પુરુષો પાસેથી સાંભળીને જ ઉપાસના કરે છે અર્થાત્ તેઓના કહેવા પ્રમાણે જ શ્રદ્ધાપૂર્વક તત્પર બનીને સાધન કરે છે. અને તેઓને સાંભળવામાં પરાયણુ બનેલા પુરુષ પણુ મૃત્યુરૂપ સંસારસાગર નિઃસંદેહ તરી જાય છે. "

અહિંયા એ પ્રશ્ન થાય છે કે ભગવાનનું નિરંતર ભજન કરવાથી સમસ્ત દુઃખોથી આત્યન્તિક નિવૃત્તિ થવાથી તેની પ્રાપ્તિ થઇ જાય છે એમાં શી યુક્તિ રહેલી છે ? નીચે લખેલા ઉત્તરથી એ વાત સારી રીતે સ્પષ્ટ થઇ જશે. એ એક મનોવૈજ્ઞાનિક સિદ્ધાંત છે કે મનુષ્ય પોતાનાં જીવનકાળમાં જે વાતનો નિરંતર અભ્યાસ કરે છે તેની જ સ્મૃતિ તેને અંતકાળે થાય છે. અને અંતકાળે જે વસ્તુની સ્મૃતિ મનુષ્યને થાય છે તેના સ્વરૂપની પ્રાપ્તિ તેને મૃત્યુ પછી થાય છે.

यं यं चापि स्मरन् भावं त्यजत्यन्ते कलेवरम् ।
तं तमेवैति कौन्तेय ! सदा तभाद्‌वभावितः ॥

એટલા માટે જ કહેવામાં આવે છે કે—જે પુરુષ અંતકાલે પરમાત્માનું સ્મરણુ કરતાં શરીરત્યાગ કરે છે તે છેવટે પરમાત્મપદને પ્રાપ્ત કરે છે એમાં કશો સંદેહ નથી.

આ ઉપરથી એટલું સિદ્ધ થાય છે કે માણુસ ગમે તેવો પાપી, ગમે તેવો મૂર્ખ હોય તો પણુ ભગવાનના સ્મરણુના અભ્યાસથી તેનો એક ક્ષણુમાં ઉદ્ધાર થઇ શકે છે તેથી આપણે હરતાફરતા, બેસતાઊઠતા, ખાતાપીતા સર્વ સમયે ભગવાનના સ્મરણુનો અભ્યાસ નિરંતર કરતા રહેવું જોઇએ. એમ કરવાથી બધા દુર્ગુણુ–દુરાચારોનો મૂલથી જ નાશ થઇને મનુષ્યનું જીવન સદ્ગુણુ તેમજ સદાચારમય બની જાય છે અને એ પરમપુરુષ પરમાત્માના તત્ત્વનું યથાર્થ જ્ઞાન મેળવીને હંમેશને માટે પરમાનન્દ તેમજ પરમશાંતિ અનાયાસે તેમજ જલદીથી પ્રાપ્ત કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[ લેખક–મોહનલાલ દીપચંદ ચોકસી ]

# ત્રિભંગી દર્શન

યોગિરાજ આનંદઘનજી દશમા સ્તવનથી મુમુક્ષુ આત્માને તત્ત્વના ગહન વિષયમાં ધીમેથી ખેંચવાનો પ્રયાસ આરંભે છે. જ્યાં તેમની નજરે એ વાત સચોટ થઈ કે વીતરાગપ્રભુના માર્ગમાં સ્થિર થયેલ આત્મા ઈતર દર્શનની આડી–અવળી ગલી–કુંચીઓમાં હવે અથડાવાનો નથી અને દૃઢતાથી નિયત માર્ગે આગળ ગતિ કર્યે જવાનો છે ત્યાં તે આગળ ડગ ભરાવતાં જણાવે છે કે નવમા પ્રભુના સ્તવનમાં પૂજનના જે વિવિધ પ્રકારો બતાવ્યા એના અનુસંધાનમાં દસમા જિન શ્રી શીતળનાથના સ્તવનમાં અપેક્ષાવાદને લગતી ત્રિભંગી અથવા તો વિવિધભંગી દર્શાવી મુમુક્ષુ આત્મા ખરેખર શીતલતાનો અનુભવ કરે એ અર્થે તીર્થંકર પ્રભુમાં અપેક્ષાથી શું શું સંભવે છે તે ટૂંકમાં વર્ણવી બતાવે છે.

એ શ્રવણ કરતાં પ્રથમ નજરે વિરોધાભાસ જેવું લાગે પણ જ્યાં એનું પ્રથક્કરણ કરવામાં આવે કે એ વિરોધાભાસ તો ક્યાંય ઊડી જાય અને યોગ્યસમન્વય થતાં વિરોધનું નામ ન રહે.

પ્રથમ ગાથામાં જ કોમલતા, તીક્ષ્ણતા અને ઉદાસીનતારૂપ ત્રિપુટીને રંગભૂમિ પર એક સાથે ખડી કરી છે. ઉપરચોટિયા દૃષ્ટિબિન્દુથી જોનારને સહજ લાગે કે ઉક્ત ત્રિપુટીમાં પરસ્પર વિરોધી પ્રકૃતિનો સદ્ભાવ હોવાથી એક જ સ્થાને અથવા તો એક જ વ્યક્તિમાં સાથે ઉભવાપણું અસંભવિત છે. ઘડીભર લાગે કે જ્યાં કોમળતા અથવા તો કરુણભાવની નરમાશ ઉછળી રહી છે ત્યાં કર્કશ એવી તીક્ષ્ણવૃત્તિ અર્થાત્ દુર્ધર્ષપણું ક્યાંથી દૃષ્ટિગોચર થાય? અને એ બેલડીની વિચિત્રતા કરતાં જેનો માર્ગ તદ્દન નિરાળો છે એવી ઔદાસીન વૃત્તિ સંભવે જ કેવી રીતે?

અનેકાંતદર્શનની ખૂબી જ એ છે કે એક બીજાથી વિપરીત વલણ લેતાં દૃષ્ટિબિન્દુઓને અપેક્ષારૂપી દીપિકાનો પ્રકાશ વિસ્તારી બરાબર અવલોકન કરવું અને એમાંથી સરખાઇ શોધી કહાડવી. આ જાતની વિચારણા ઊંડા જ્ઞાન વિના અને તાત્ત્વિક પ્રદેશમાં ઉચ્ચ કક્ષાએ ઉડ્ડયન કરવાના અભ્યાસ વિના સંભવી શકતી નથી. કેવળ ઉપલક નજરે જોનારા ભલભલા વિદ્વાનો પણ એમાં ગોથું ખાઇ ગયાના ઉદાહરણ મોજુદ છે; તેથી તો કેટલાક પોતાના ડહાપણનો ભંડોળ ડહોળતા આ જાતના ઉમદા વાદને અનિશ્ચિતવાદ તરિકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓળખાવવા બહાર પડેલાં છે ! એ સંબંધમાં વધુ લંબાણ ન કરતાં એટલું કહેવું પર્યાપ્ત છે કે જૈન દર્શનની સપ્તભંગી યાને સ્યાદ્વાદની નજરથી પ્રત્યેક વસ્તુને ચકાસવાની પ્રણાલિકા સર્વોત્તમ છે એટલું જ નહિં પણ ઈતર દર્શનમાં જડે એવી નથી ! એ પ્રણાલિકાને અપનાવતા મતમતાંતરોની ભ્રમજાળ વિનાશ પામે છે અને તત્ત્વભૂમિનો પ્રદેશ નિર્મળતાથી શોભી રહે છે. એ જ પદ્ધતિનો આશ્રય લઇ શ્રીમદ્ આનંદઘનજી દસમા પ્રભુના સ્તવનમાં નિમ્ન ગાથાઓ રજૂ કરે છે—

**સર્વજંતુ હિતકરણી કરુણા,**
**કર્મવિદારણ તીક્ષણ રે;**
**હાનાદાન રહિત પરિણામી,**
**ઉદાસીનતા વિક્ષણ રે.**

**ભાવાર્થ**—ચોરાશી લાખ જીવયોનિ સંબંધી હિતકારી ચિંતવન તે કરુણા નામનો પ્રથમ ભંગ, જ્ઞાનાવરણી આદિ આઠ કર્મોની એકસો ને અઠ્ઠાવન પ્રકૃતિઓને વિદારવાનું–તોડવાનું–ખપાવીને સર્વથા નષ્ટ કરી નાખવાનું કાર્ય એ તીક્ષણતારૂપી બીજો ભંગ અને ત્રીજો ભંગ તે ગ્રહણ અને ત્યાગ અર્થાત્ આદાન અને હાનથી હાથ ધોઈ નાંખવારૂપ એટલે કે જ્યાં ઇચ્છાનો નિરોધ કરી દેવામાં આવ્યો કે નથી તો કંઇ ગ્રહણ કરવાપણું કે નથી તો કંઈ છોડવાપણું. નિશ્ચય દૃષ્ટિથી જોવા જતાં ચોરાશી લાખ જીવયોનિમાંનો પોતે પણ એક હોઈ, પોતાનો મૂળ સ્વભાવ પ્રાપ્ત કરવાનો જે પ્રયાસ સેવી રહ્યો છે એમાં અન્યના હિતચિંતવનનો પ્રશ્ન જ રહેતો નથી. એ તો એમાં આપોઆપ સમાઈ જાય છે. તેવી જ રીતે આત્મા અને દેહ વચ્ચેની ભિન્નતા વિચારતાં અને ઉભયના જુદા સ્વભાવોની યથાર્થ પિછાન કરતાં કર્મોના સમૂહ પ્રત્યે કર્કશતા દેખાડવાની જરૂર રહેતી જ નથી. એટલે કે ઉદાસીન વૃત્તિ એ પૂર્વોક્ત વૃત્તિયુગલથી તદ્દન વિલક્ષણતા ધરાવે છે.

**પરદુઃખછેદન ઇચ્છા કરુણા,**
**તીક્ષણ પરદુઃખ રીઝે રે;**
**ઉદાસીનતા ઉભય વિલક્ષણ,**
**એક ઠામે કેમ સીજે રે ? ૧**
**અભયદાન તે મલક્ષય કરુણા,**
**તીક્ષણના ગુણ ભાવે રે;**
**પ્રેરણ વિણ કૃત ઉદાસીનતા,**
**એમ વિરોધ મતિ નાવે રે. ૪**


યોગિરાજ ત્રીજી ગાથામાં ઉક્ત ત્રિપુટીના કાર્યની વિચિત્રતા રજૂ કરી એક ઠેકાણે એ સાથે કેમ સંભવે એવો પ્રશ્ન ખડો કરે છે અને ચોથી ગાથામાં પોતે જ એનો ઉત્તર આપે છે. અપેક્ષાથી ભિન્નતા ધારણ કરતી વસ્તુઓ કેવી રીતે એક ચોકઠામાં જડી શકાય છે તે બતાવે છે. મુમુક્ષુ આત્માની તત્ત્વભૂમિમાં પગ મૂકવાની હજી શરૂઆત હોવાથી એને વધારે ઊંડાણમાં ન ઉતારતાં અનેકાંતદૃષ્ટિની વાનકી કરાવી, સીફતથી વાત સંકેલી લેતાં આવી રીતે જાતજાતની ત્રિભંગીઓ અને વિવિધ ભંગીઓ રચી શકાય છે અને અપેક્ષાનો સધિયારો લઈ, કોઈ પણ જાતની ગુંચવણમાં લપેટાયા સિવાય એનો ઊકેલ આણી શકાય છે એવો ઈશારો કરી એ

**' અચરીજકારી ચિત્રવિચિત્રા,**
**આનંદઘન પદ લેતી રે '**

છેલ્લી લીંટીઓ સાથે સ્તવન પૂર્ણ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## લાહોરમાં ગુરુદેવનું આગમન

૧૬ વર્ષ પછી આચાર્યવર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ લાહોરમાં તા. ૧૯–૫–૪૦ ના રોજ પધાર્યા.

વ્યાખ્યાન મંડપમાં દિગંબર જૈન બંધુઓ તથા અજૈન બંધુઓની તેમજ જૈન અગ્રગણ્ય વ્યક્તિઓની સારી સંખ્યામાં હાજરી હતી.

આચાર્યશ્રીજીના પ્રવચન બાદ દિગંબર જૈન સમાજ તરફથી આચાર્યશ્રીજીને માનપત્ર આપવામાં આવ્યું હતું. ત્યારબાદ મુનિરાજશ્રી વિશ્વવિજયજી મહારાજે 'સંગઠન' ઉપર સારું વિવેચન કર્યું હતું. ત્યાંથી જ સ્વાગતનો વરઘોડો શરૂ થયો હતો અને ૧૨–૩૦ વાગે જૈન સ્ટ્રીટમાં પહોંચ્યો હતો.

વ્યાખ્યાન મંડપમાં આચાર્યશ્રીજી પધાર્યા પછી સ્વાગત ગીત ગવાયા બાદ સ્થાનકવાસી સમાજ તરફથી હર્ષ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો અને શ્રી જૈન સંઘ તરફથી માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

ડો. એલ. સી. જૈને હર્ષ વ્યક્ત કરતાં કહ્યું કે આજનાં શુભ દિવસે ત્રણ સંપ્રદાયો એકત્રિત મળીને આચાર્યશ્રીજીનું સ્વાગત કરી રહ્યા છે. વિ.વિ.

આચાર્યશ્રીજીએ જણાવ્યું કે આ રીતે એકત્રિત સંપ્રદાયો જરૂર પંજાબને ભ્રાતૃભાવને માર્ગે લાવશે.

સભા વિસર્જન થયા બાદ જિનેશ્વરના દર્શન કરી આચાર્યશ્રીજી ઉપાશ્રયે પધાર્યા.

પાંચ દિવસની સ્થિરતા દરમ્યાન ઉપાશ્રયમાં તથા ગીતાભવનમાં પ્રવચનો થયાં અને ૩ થી ૫ નો સમય શંકાસમાધાન માટે રાખેલ હોવાથી અનેક વિદ્વાનોએ જ્ઞાનગોષ્ઠીનો લાભ લીધો.

## ગુજરાંવાલામાં પ્રવેશ મહોત્સવ

લાહોરથી વિહાર કરી આચાર્યશ્રી મુરદકે પધાર્યા. મંદીવાલાઓ તરફથી અભિનંદન પત્ર અર્પણ કરવામાં આવ્યું. આચાર્યશ્રીજીના પ્રવચન બાદ મુનિરાજશ્રી વિશ્વવિજયજી મહારાજે મનોહર વ્યાખ્યાન આપ્યું.

તા. ૩૧–૫–૪૦ના રોજ આચાર્યશ્રી સપરિવાર ગુજરાંવાલા પધાર્યા. પુષ્કળ મેદનીના ભાવભીના સ્વાગત સાથે આચાર્યશ્રી જિનેશ્વરપ્રભુના દર્શન કરી સ્વ. ગુરુદેવ ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની ચરણપાદુકાના વંદન કરી બારાદરીમાં પધાર્યા.

ભવ્ય મંડપમાં આચાર્યશ્રી પધાર્યા બાદ સ્વાગત ગીત ગવાયા અને જૈન, દિગંબર તેમજ અજૈન સમાજ તરફથી અભિનંદન પત્રો એનાયત કરવામાં આવ્યા.

આચાર્યશ્રીના સુંદર પ્રવચન બાદ સભા વિસર્જન થઇ અને ત્યાંથી જ ભવ્ય વરઘોડો ચઢાવવામાં આવ્યો જેમાં જૈન–અજૈન બંધુઓ હજારોની સંખ્યામાં હાજર હતા.

ઉપાશ્રયમાં પધાર્યા બાદ બપોરના પૂજા ભણા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વવામાં આવી હતી અને રાત્રિના ભજનો તેમજ સુંદર પ્રવચનો થયા હતા. બીજે દિવસ પં. મહારાજશ્રી સમુદ્રવિજયજી મહારાજ તેમજ અન્ય વક્તાઓના સુંદર ભાષણો થયાં હતાં.

રાત્રિના બૃહત્ કવિદરબાર ભરવામાં આવ્યો હતો જેમાં સુપ્રસિદ્ધ હિંદુ, મુસ્લીમ તથા શીખ કવિઓએ પોતાની કૃતિઓથી સભાને રંજિત કરી હતી.

સોળ વર્ષ પછી આચાર્યશ્રીજી પધારતાં જૈન સમાજમાં અપૂર્વ આનંદ ફેલાયો છે.

## આ સભાનો ૪૪ મો વાર્ષિક મહોત્સવ અને ગુરુજયંતિ

અત્રેની શ્રી જૈન આત્માનંદ સભાનો ૪૪ મો વાર્ષિક મહોત્સવ જેઠ શુદિ ૭ બુધવાર તા. ૧૨–૬–૪૦ ના રોજ હોવાથી સવારના નવ કલાકે સભાના મકાનમાં પ્રભુ પધરાવી પુજા ભણાવવામાં આવી હતી. બપોરના બાર વાગે વોરા હઠીસંગભાઇ ઝવેરચંદ તરફથી સભાસદોનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું તેમજ ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની જયંતિ પ્રસંગે જેઠ શુદિ ૮ ને ગુરુવાર તા. ૧૩–૬–૪૦ ના રોજ સભાના સભાસદોએ પાલીતાણા રાધનપુરનિવાસી શેઠ મોતીલાલ મુળજીભાઈ હા. શેઠ સકરચંદભાઇ તરફથી સવારના શ્રી સિદ્ધાચળજી ઉપર પૂજા ભણાવી, શ્રી આદીશ્વર ભગવાન, શ્રી પુંડરીકજી, શ્રી દાદાજીના પગલે વિ. ની આંગી રચાવી અને શ્રી પુરબાઇની ધર્મશાળામાં સભાસદોનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું.

### મુંબઈ.

પ્રાતઃસ્મરણીય શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની જયંતિ પાયધુની ઉપર શ્રી ગોડીજી મહારાજના ઉપાશ્રયમાં જેઠ શુદિ ૮ ગુરૂવાર તા. ૧૩–૬–૪૦ના રોજ સવારના ૮ કલાકે આચાર્ય શ્રી જિનઋદ્ધિસૂરીશ્વરજી મહારાજના પ્રમુખપણા નીચે ઉજવવામાં આવી હતી. આ પ્રસંગે અનુયોગાચાર્ય પં. શ્રી પ્રીતિવિજયજી ગણી તેમજ અન્ય વક્તાઓના વિવેચનો થયા હતા. આ પ્રસંગે અન્ય ગચ્છના મુનિમહારાજાઓ તથા સાધ્વીજી શ્રી માણેકશ્રીજી હાજર હતા, તે જ દિવસે ગોડીજી મહારાજના દેરાસરમાં આંગી રચાવવામાં આવી હતી.

### ગુજરાંવાલા (પંજાબ)

ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની ૪૫મી જયંતિ તેઓશ્રીના પટ્ટધર આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની અધ્યક્ષતામાં જેઠ શુદિ ૮ તા. ૧૩–૬–૪૦ ગુરૂવારના રોજ ગુજરાંવાલામાં ઉજવવામાં આવી હતી.

પ્રાતઃકાળમાં આચાર્યશ્રીજી ચતુર્વિધ શ્રી સંઘ સહિત વરઘોડા સાથે ગુરુમંદિર(સમાધિ)ના દર્શનાર્થે પધાર્યા હતા.

બાદ ઉપાશ્રયમાં આચાર્યશ્રીની અધ્યક્ષતામાં સભા ભરવામાં આવી હતી. ગુરુસ્તુતિ વિ. થયા બાદ આચાર્યશ્રીએ સ્વર્ગસ્થ આચાર્યદેવના જીવન ઉપર સુંદર વિવેચન કર્યું હતું. અન્ય વક્તાઓ તેમજ મુનિરાજશ્રી વિશ્વવિજયજી મહારાજ તથા પં. શ્રી સમુદ્રવિજયજી મહારાજશ્રીના સુંદર પ્રવચનો થયા બાદ સભા વિસર્જન થઇ હતી.

બપોરના આચાર્યશ્રીજીકૃત પંચ કલ્યાણક પૂજા ભણાવવામાં આવી હતી. રાત્રિના ભજનો થયા બાદ વિદ્વાન વક્તાઓના વિદ્વત્તાભર્યાં ભાષણો થયા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતી ભાષાંતરના ગ્રંથો.

## ( મળી શકતા ગ્રંથોનું લીસ્ટ )

| | |
|---|---|
| શ્રી નવતત્ત્વનો સુંદર બોધ | ૦॥= |
| શ્રી જીવવિચાર વૃત્તિ | ૦।= |
| શ્રી દંડક વૃત્તિ | ૦॥ |
| શ્રી નય માર્ગદર્શક | ૦॥= |
| શ્રી હંસવિનોદ | ૦॥। |
| કુમાર વિહારશતક | ૧॥ |
| શ્રી જૈનધર્મ વિષયિક પ્રશ્નોત્તર | ૦॥ |
| શ્રી આત્મવલ્લભ જૈન સ્તવનાવલી | ૦।= |
| શ્રી મોક્ષપદ સોપાન | ૦॥। |
| ધર્મબિન્દુ આવૃત્તિ બીજી | ૨) |
| શ્રી પ્રશ્નોત્તરપુષ્પમાળા | ૦॥।= |
| શ્રી શ્રાવકકલ્પતરૂ | ૦।= |
| શ્રી આત્મપ્રબોધ | ૨॥ |
| જૈન ગ્રંથ ગાઇડ | ૧) |
| શ્રી નવાણું પ્રકારી પૂજા ( અર્થ સહિત ) | ૦॥ |
| શ્રી સમ્યક્ત્વસ્વરૂપ સ્તવ | ૦। |
| શ્રી ચંપકમાળા ચરિત્ર | ૦॥ |
| શ્રી સમ્યક્ત્વ કૌમુદી ભાષાંતર | ૧) |
| શ્રી પ્રકરણ પુષ્પમાળા ( દ્વિતીય પુષ્પ ) | ૦॥ |
| શ્રી અધ્યાત્મમત પરીક્ષા | ૦। |
| શ્રી ગુરૂગુણમાળા | ૦॥ |
| શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવલી | ૦।- |
| શ્રી જ્ઞાનામૃત કાવ્યકુંજ | ૦॥ |
| શ્રી ઉપદેશસપ્તતિકા | ૧) |
| શ્રી પંચપરમેષ્ઠી ગુણરત્નમાળા | ૧॥ |
| સુમુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા | ૧) |
| શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર | ૨) |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૧ લો | ૨) |
| આદર્શ જૈન સ્ત્રીરત્નો | ૧) |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૨॥ |
| શ્રી દાનપ્રદીપ | ૩) |
| શ્રી નવપદજી પૂજા ( અર્થ સહિત ) | ૧। |
| કાવ્યસુધાકર | ૨॥ |
| શ્રી આચારોપદેશ | ૦॥ |
| ધર્મરત્ન પ્રકરણ | ૧) |
| શ્રી પંચ પ્રતિક્રમણસૂત્ર (અર્થસહિત શાસ્ત્રી) | ૧॥। |
| શ્રી પંચ પ્રતિક્રમણસૂત્ર અર્થ સહિત (ગુ.) | ૧। |
| શ્રી આત્મવિશુદ્ધિ | ૦।= |
| કુમારપાળપ્રતિબોધ | ૩॥। |
| જૈન નરરત્ન " ભામાશાહ " | ૨) |
| આત્માનંદ સભાની લાયબ્રેરીનું અક્ષરાનુક્રમ લીસ્ટ | ૦॥= |
| શ્રી વિમલનાથ ચરિત્ર | ૧॥। |
| શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર | ૧॥। |
| શ્રી પૃથ્વીકુમાર ચરિત્ર | ૧) |
| ધર્મપરીક્ષા | ૧) |
| શ્રી પ્રભાવક ચરિત્ર | ૨॥ |
| જૈનધર્મ | ૧) |
| શ્રી દેવસીરાઇ પ્રતિક્રમણ અર્થ સહિત | ૦॥= |
| શ્રી સામાયિક સૂત્રાર્થ | ૦)=॥ |
| શ્રીપાળરાજાનો રાસ, સચિત્ર (અર્થ યુક્ત) | ૨) |
| " " " રેશમી પુઠું | ૨॥ |
| સતી સુરસુંદરી ચરિત્ર | ૧॥ |
| સંવેગદ્રુમ કંદલી | ૦। |
| શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર | ૦)= |
| " સોળમો ઉદ્ધાર | ૦। |
| શ્રી વીશસ્થાનક પૂજા અર્થ સહિત | ૦॥। |
| શ્રી તીર્થંકર ચરિત્ર | ૦॥= |
| કલિંગનું યુદ્ધ યાને મહારાજા ખારવેલ | |
| શ્રી મહાવીર જીવનચરિત્ર | ૩) |

**લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય


૧. પ્રાવૃટ્ (વર્ષાઋતુ)નું વર્ણન ... ... (કવિ રેવાશંકર વાલજી બધેકા) ૩૧૯
૨. વિલાસ અને વિલાસી વિકાસના બાધક છે (આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ) ૩૨૧
૩. શ્રી હરિભદ્રસૂરિ .... ... ... ... ... (ઉધ્ધૃત) ૩૨૫
૪. 'અધ્યાત્મ'ની પિછાન ... ... ... (મોહનલાલ દીપચંદ ચોકસી) ૩૩૦
૫. પલ્લીવાલ પ્રાંતમાં અમારો વિહાર અને તે સમાજનો ઉધ્ધાર (મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ ૩૩૨
૬. પરમાત્માનું અધિરાજ્ય ... ... ... ... ... ૩૩૭
૭. કર્તવ્યમીમાંસા ... ... ... (અનુ૦ અભ્યાસી B. A.) ૩૪૧
૮. પ્રવાહના પ્રશ્નો ... ... .... ... ... ... ૩૪૩
૯. વર્તમાન સમાચાર ... ... ... ... ... ... ૩૪૪
૧૦. સ્વીકાર સમાલોચના ... ... .... ... ... ... ૩૪૫


---

**જૈનાચાર્ય શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિ સ્મારક ટ્રસ્ટ બોર્ડ તરફથી નિવેદન**

બોર્ડ તરફથી 'જૈન ધર્મ' અને 'જૈન સાહિત્ય' અથવા તો એ અંગેની પ્રાચીન 'શોધખોળ તથા પુરાતત્ત્વ' ને લગતી કૃતિઓ તૈયાર કરાવવાનો તેમજ પ્રગટ કરવાનો મુખ્ય ઉદ્દેશ છે, તો જૈન–જૈનેતર વિદ્વાનો અને લેખકને પોતાની પાસે તેવા પ્રકારની જે કંઈ કૃતિઓ હોય અગર એને લગતી જે કંઇ યોજના હોય તે નીચેના સરનામે મોકલી આપવા નમ્ર વિનંતિ છે.

**મોહનલાલ દીપચંદ ચોકસી**, ઓ. મંત્રી.
C/o ત્રાંબા કાંટો, વહોરાનો જૂનો માળો–ચોથે માળે,
મુંબઈ–૩.

---

## નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહ:

નિરંતર પ્રાતઃકાળમાં સ્મરણીય, નિર્વિઘ્નપણું પ્રાપ્ત કરાવનાર, નિત્ય પાઠ કરવા લાયક નવ સ્મરણો સાથે બીજા પ્રાચીન ચમત્કારિક પૂર્વાચાર્યકૃત દશ સ્તોત્ર, તથા રત્નાકર પચ્ચીશી, અને એ યંત્રો વિગેરેનો સંગ્રહ આ ગ્રંથમાં આપેલ છે. ઊંચા કાગળો, જૈની સુંદર અક્ષરોથી નિર્ણયસાગર પ્રેસમાં છપાયેલ, સુશોભિત બાઈંડીંગ અને શ્રી મહાવીરસ્વામી તથા ગૌતમસ્વામી અને બે પૂજ્યપાદ ગુરુ મહારાજાઓની સુંદર રંગીન છબીઓ પણ ભક્તિ નિમિત્તે સાથે આપવામાં આવેલ છે. આટલો મોટો સ્તોત્રોનો સંગ્રહ, છતાં સર્વ કોઇ લાભ લઇ શકે જે માટે મુદ્દલથી પણ ઓછી કિંમત માત્ર રૂા. ૦—૪—૦ ચાર આના. પોસ્ટેજ રૂા. ૦—૧—૩ મળી મંગાવનારે રૂા. ૦—૫—૩ ની ટીકીટો એક બુક માટે મોકલવી.

લખો:—
**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

---

**"શ્રી આત્માનંદ પ્રકાશ" માસિકનું વાર્ષિક લવાજમ. રૂા. ૧–૮–૦ પોસ્ટેજ ચાર આના અલગ**

For Private And Personal Use Only